ॐ ह्रीँ अर्हं नमोनमः

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૮

પ્રેરક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ

સંપાદક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.

આવૃત્તિ-સાતમી ❖ તા.૧-૧૦-૨૦૧૬

❖ નકલ : ૩૦૦૦ ❖ પૂર્વની નકલ : ૩૦,૦૦૦

કિંમત ₹ ૨-૦૦

**અમદાવાદ :** **પ્રાપ્તિસ્થાનો**

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨

જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग १ से ५ प्रत्येक का ₹ ७

**શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક**

**પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૫૪,૦૦૦ નકલ છપાઈ**

## ભાગ-૮ની અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પ્રસંગ નં. |
|---|---|---|
| ૧. | ધર્મના ચમત્કારો | ૧ થી ૬, ૯, ૧૪, ૧૫ ૧૯, ૨૧, ૨૨, ૨૬, ૩૩ ૪૧ |
| ૨. | ઉત્તમ આરાધકો | ૭, ૧૦, ૧૧, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૪, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૨ |
| ૩. | સંઘ-ગુરુભક્તિ | ૨૫, ૨૭, ૨૯, ૩૭, ૩૮, ૪૪ |
| ૪. | નવકારના ચમત્કારો | ૮, ૧૩, ૨૩, ૩૧, ૪૫ |
| ૫. | જીવદયાપાલન | ૧૨, ૨૮, ૩૦ |
| ૬. | અનીતિ, મા-બાપ | ૪૦, ૪૩ |


## પુસ્તક વિષય

શીઘ્રાતિશીઘ્ર મોક્ષપ્રાપ્તિ માટે પંચસૂત્રમાં ત્રણ ઉપાય બતાવવામાં આવ્યા છે. (૧) અરિહંતાદિ ચારના શરણ (૨) સ્વ દુષ્કૃતોની નિંદા (૩) સ્વ - પરના સુકૃતોની અનુમોદના.

આ પુસ્તકના કેટલાંક પ્રસંગો ચાર શરણાની મહત્તા માટે, તો કેટલાક પોતાના પાપોની નિંદા માટે, તો કેટલાક વિશ્વના જીવોની ઉત્તમ આરાધના, સાત્ત્વિકતા, ખુમારીને જાણીને અનુમોદના કરવા જણાવાયા છે.

મોક્ષની નજીકમાં પહોંચેલા દરેક જીવોને આવા વર્તમાનના, સત્ય પ્રસંગો વાંચતા અન્યોમાં રહેલા ઉત્તમ ગુણોને પોતાનામાં લાવવાના મનોરથ જાગે, બીજાની અનુમોદના થાય, ભવોભવ જિનશાસન મળતુ રહે તેવી તમન્ના જાગે એ જ શુભાશિષ.

# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - ૮

### ૧. શંખેશ્વર સાહિબ સાચો

વિ.સં. ૨૦૬૨, અમદાવાદમાં ઘણાંને **ચીકનગુનિયાનો રોગ લાગુ પડ્યો હતો.** નરોડાના પંકજભાઈ પણ આસો સુદ બીજના રોગમાં સપડાયા. ઘરમાં રડારોળ મચી ગઈ. સમાચાર મળ્યા કે વાસણા પાસે વૈદ્યની દવાથી ઘણાને સારું થાય છે એટલે વાસણા પોતાની બેનને ત્યાં ગમે તેમ પહોંચ્યા. આશિષ અને ચિંતન, બે ભાણિયાઓ કપડાં બદલાવે ત્યારે બદલી શકે. ઉભા થવાની કોઈ તાકાત નહોતી.

વર્ષોથી પોતાના ગામ દસાડાથી ચૌદસે રાત્રે ૯-૧૦ વાગે ચાલતા નીકળે અને **૨૬ કિ.મી. ચાલી પૂનમે શંખેશ્વર પહોંચે.** આ વખતે બધાએ કહ્યું કે મામા ! બસમાં બેસીને જાત્રા કરી આવીએ. પણ મક્કમ હતા. છેવટે ભાણિયો આશીષ મામાને દસાડા લઈ ગયો. આશરે ૯ વાગે દાદાનું નામ લીધું અને હાથમાં લાકડી લઈ ચાલવા લાગ્યા. ગામના ગોંદરે દોઢ કલાકે પહોંચ્યા. ભાણિયાએ બસમાં જવા ખૂબ સમજાવ્યા પણ શ્રદ્ધા જોરદાર. દાદાને વિનંતી કરવા લાગ્યા કે **હે દયાસિન્ધુ ! આટલા વર્ષોમાં ક્યારેય તારી જાત્રા પડી નથી, મને તારા પર પૂરી શ્રધ્ધા છે. તું જ મને જાત્રા કરાવજે.**બે હાથરૂમાલ લીધા.નવકાર મંત્ર અને દાદાનો જાપ કરી બે પગે બાંધ્યા ને બસ થયો ચમત્કાર !!

**હાથની લાકડીઓ ફેંકી, ટેકા છોડ્યા અને એવી શક્તિ આવી કે ધડાધડ ચાલવા લાગ્યા !!** તીર્થમાં પૂનમે સવારે પહોંચી બધાને

ફોન કરી દીધો કે હું હેમખેમ પહોંચી ગયો છું. બધાને આંખોમાંથી હર્ષના આંસુનો ધોધ ચાલ્યો. દાદાના પ્રભાવે ચીકનગુનિયા જેવો ભયંકર રોગ નાશ પામે ત્યારે બોલવું જ પડે,

**"શંખેશ્વર સાહિબ સાચો રે, બીજાનો આશરો કાચો રે."**

આજ પછી સંકલ્પ કરજો કે માંદગીમાં ડૉક્ટરોની દવાઓ ખાઈ પુણ્ય અને પૈસાના પાણી કરવા કરતાં જગતના ડૉક્ટર એવા પ્રભુ પાસે જ પહેલાં જવું છે. પ્રભુની આજ્ઞાનું પાલન ભવોભવ સુખ આપનાર છે, કલ્યાણકર છે.

## ૨. સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા

શીલાબેનને અચાનક જ રાયગઢથી સમેતશિખરજી જાત્રા કરવા જવાનું થયું. ત્યાં તેઓનું કુટુંબ એકલું જ હતું. પહેલાં તો અજાણ્યા રસ્તામાં કોઈ દેખાતું ન હતું. કોઈ જીપ કે ગાડીવાળો તૈયાર થતો ન હતો. બધા ખૂબ ચિંતામાં પડી ગયાં કે હવે ત્યાં પહોંચીશું કઈ રીતે ? **સૌએ ભાવપૂર્વક નવકારમંત્રનો જાપ ચાલુ કર્યો** અને થોડાક જ નવકાર ગણ્યા, તેવામાં તો સામેથી એક જીપવાળો આવ્યો અને તેમને સમેતશિખર લઈ જવા તૈયાર થઈ ગયો.

સમેતશિખર પહોંચ્યા પછી તેઓ રાત્રે અંધારામાં ધર્મશાળામાં જતાં હતાં. ત્યાં શીલાબેનનો પગ અચાનક ખાડામાં પડી જતાં મચકોડાઈ કે ઉતરી ગયો હોય તેમ તેમને ખૂબ જ દુઃખાવો થવા લાગ્યો. થોડીક જ વારમાં સોજો ખૂબ જ વધી ગયો. પરાણે રૂમ સુધી પહોંચી શક્યા. ત્યાં તો ફાળ પડી કે આવતીકાલે જાત્રા કેમ થશે? પછી તો **મનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થનાઓ કરતા કરતા સૂઈ ગયા અને અડધી રાત્રે કોઈએ તેમનો પગ ખેંચ્યો** અને ટચલી આંગળી જોરથી ખેંચાતા એ સફાળા ઊભા થઈ ગયા. પણ ત્યાં તો કોઈ ન હતું. તેમનો દુઃખાવો પણ અચાનક ગાયબ થઈ ગયો. સવારે ઉઠીને

જોયું તો પગનો સોજો પણ ગાયબ થઈ ગયો હતો અને શિખરજીની સુંદર જાત્રા પણ થઈ ગઈ. કલિકાલમાં પણ કલ્પતરૂ એવા શ્રી પાર્શ્વપ્રભુ તારા તો હજાર હાથ છે. બસ એક જ વિનંતિ છે.

**''તારા શરણે આવ્યો છું સ્વીકારી લે,**
**મને લઈ જા પ્રભુ તારા ધામમાં''**

## ૩. પાર્શ્વજી કો મહિમા તીન ભુવન મેં

આ પુસ્તકની પરીક્ષામાં ૧૦૦ માર્ક મેળવનાર જૈનમ લખે છે કે અમે ૭ વર્ષ પૂર્વે પરિવારના ૨૩ જણ સાથે સમેતશિખરજી ગયા હતા. જાત્રા કરતા ઉતાવળમાં માનો હાથ છૂટી ગયો. એ દિવસે બે ટ્રેનો ભરીને યાત્રિકો જાત્રા કરવા આવ્યા હતા. હજારોની મેદનીમાં હું ૧૦ વર્ષનો છોકરો ગભરાઈ ગયો. પરિવારનું કોઈ મળ્યું નહિ. નવકાર ગણતા લોકોની સાથે ઉપર પહોંચ્યો. સમેતશિખર પાર્શ્વપ્રભુના દર્શન કરી બહાર આવ્યો અને મોટા કાકી મળ્યા અને હાશ થઈ.

આ જ પ્રમાણે ૧૦ વર્ષનો એક છોકરો પરિવાર સાથે જાત્રા કરવા ગયો ત્યારે રસ્તામાં વિખૂટો પડી ગયો. બધાએ ખૂબ શોધ્યો પણ મળ્યો નહિ. દાદા પાસે ભાવના ભાવી કે **દીકરો મળી જાય તો ફરીથી આપની જાત્રા કરીશું.** પાછા ઉતરી તળેટીએ પહોંચ્યા ત્યાં દીકરો મળી ગયો. કોની સાથે આવ્યો? તે પૂછતા એક ઘરડા ભાઈને બતાવ્યા. તે ભાઈનો આભાર માનવા ગયા તો **ભાઈ કહે કે આ છોકરાને હું લાવ્યો નથી.હું તો તેને ઓળખતો પણ નથી.** તો પછી દીકરાને તળેટીએ સહીસલામત લાવનાર કોણ?

બીજા એક પુણ્યશાળીને લીવરનું કેન્સર થયું. ડૉક્ટરોએ આશા છોડી દીધી. પુણ્યશાળીએ પોતાના સમાજના ૨૫૦૦ ભાગ્યશાળીઓને **સમેતશિખરની જાત્રા કરાવવાનો સંકલ્પ કર્યો.** થોડા દિવસ પછી રીપોર્ટ

કરાવતાં કેન્સર ન હતું. જાતે સમેતશિખરની જાત્રા કરી.

સમેતશિખરમાં ભોમિયા દેવના તથા આપત્તિમાં કૂતરાદિના રૂપમાં દેવતા રસ્તો બતાવવા આવે તેવા તો અનેક ચમત્કારો આજે પણ લોકોને થાય છે. ઉતરતા અંધારામાં રસ્તો ન સૂઝે અને દાદાને યાદ કરનારને સાચા રસ્તા તરફ પ્રકાશ દેખાય અને એમ કરતા છેક નીચે ઉતરી જાય. એવા પણ પ્રસંગો જાણવા મળેલ છે.

જગતમાં મારો પુત્ર, મારો પરિવાર, મારો પૈસો એવું તો ઘણી વાર વિચાર્યું અને બોલ્યા. તે સૌને ભૂલી ભાવથી બોલજો કે

**''આ પારસ મારા પોતાના''**.

## ૪.ભાવનાએ સર્જ્યો ચમત્કાર

પ.પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા. કલિકુંડવાળાના સમુદાયમાં સા.શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ.ના જીવનમાં બનેલો પ્રસંગ જાણવા મળ્યો. સંસારી નામ હતુ સુનંદાબેન. આજથી આશરે ૩૬ વર્ષ પૂર્વે સમતેશિખરજીની જાત્રા કરી પાછા ફરતા સુનંદાબેન દિવાળીના દિવસે પાવાપુરી જવા નીકળ્યા હતા. છઠ્ઠનો તપ હતો. શ્રી વીર પ્રભુની પૂજાના ભાવ ખૂબ, પણ ટ્રેન મોડી પહોંચી. સાંજના પાંચ કલાકે પાવાપુરી પહોંચ્યા. ઝડપથી નાહીને પૂજાના વસ્ત્રો પહેર્યા. અત્યારે પૂજાની સામગ્રી સાથે નહોતી અને દેરાસરમાં કેસર પણ નહોતુ. અફસોસ થયો કે આટલે સુધી પહોંચી પણ પૂજા કરવા નહિ મળે. પ્રભુની પાસે ભાવના ભાવતા હતા **ત્યાં એક અજાણ્યા ભાઈ સોનાની થાળી, કળશ, દૂધ, ફૂલ વિ. લઈને આવ્યા !!** સુનંદાબેન અને અજાણ્યા ભાઈએ પક્ષાલપૂજા અને અક્ષતપૂજા કરી ત્યાં તો નૈવેદ્ય અને ફળોનો થાળ આવ્યો**!!** પ્રભુને ચડાવ્યા. સાથે ચૈત્યવંદન કર્યું. સુનંદાબેનની વિધિ પૂર્ણ થઈ. **બહાર આવીને જુવે છે તો ભાઈ દેખાતા નથી.**

પૂજારીજીને પૂછતા કહ્યું કે તમે એકલા જ અંદર હતા, બીજુ કોઈ આવ્યું જ નથી. વધારે પૂછતાછ કરતા પૂજારીજીએ કહ્યું કે કોઈ દેવ સહાય કરવા આવ્યા હશે. વિચારતા વિચારતા સુનંદાબેન ઉતારે પાછા આવ્યા.

દિવાળીનો દિવસ, છઠ્ઠનો તપ અને તીવ્ર ભાવનાના ત્રિવેણી સંગમથી દેવતા હાજર થઈ ગયા. કહેવાય છે કે **પાવાપુરીમાં દિવાળીની મધરાત્રે છત્ર હાલે છે. જો જો કોઈને કહેતા નહિ હોં !!!**

આ જ સાધ્વીજી શંખેશ્વરના વિહારમાં રસ્તો ભૂલ્યા તો ઘોડેસવાર આવીને બતાવી ગયો હતો.

## ૫. ઉત્તમ તપના યોગથી, સેવે સુરનર પાય

સેટેલાઈટમાં રહેનારા રુચિરાબેન લખે છે કે આજથી ૧૮ વર્ષ પૂર્વે અમે ભાવનગર રહેતા હતા. મારી બે બેનો ૧૪ વર્ષ અને ૧૨ વર્ષની હતી. વાતવાતમાં મેં બંનેને કહ્યું કે કાલે મહિનાનું ધર છે. **તમે બંને માસક્ષમણ શરૂ કરો તો હું તમને કરાવીશ.** બંને બેનોએ કહ્યું કે હમણાં ને હમણાં ચૂરમાના લાડવા બનાવી દો તો **કાલે અઠ્ઠમનું પચ્ચક્ખાણ લઈશું.** ને ખરેખર વાત સત્ય સાબિત થઈ. બંને અઠ્ઠમ પર અઠ્ઠમના પચક્ખાણ લેતા ગયા. બેનોના ૨૧ મા ઉપવાસે મને મારા રસોડામાં ધોળો સાપ દેખાયો ! એનો પ્રકાશ એટલો બધો હતો કે આંખો અંજાઈ ગઈ. સાપના તેજના તાપના પ્રભાવે મારું આખું શરીર લાલચોળ થઈ ગયું અને તાવની જેમ ધગધગવા લાગ્યું. અચાનક હું બોલી પડી કે **મારે બીજુ કાંઈ ના જોઈએ, મારી બેનોનું માસક્ષમણ સારી રીતે પૂર્ણ થઈ જાય એવું કરશો.**

એ સર્પે અમારા ઘરમાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને ત્રણ ખમાસમણા દીધા.** પછી અલોપ થઈ ગયા. ભાવનગરમાં રહેલા

આચાર્ય ભગવંતોએ કહ્યું કે **પ્રાયઃ ઈન્દ્ર મહારાજા હોઈ શકે.** બેનોના તપના પ્રભાવે આવ્યા હશે.

કલિકાળમાં પણ તપસ્વીઓને દેવો દર્શન આપતા હોય છે. પ્રસંગ લખનાર રુચિરાબેને જૈન આદર્શ પ્રસંગો ભાગ-૧ થી ૬ વાંચ્યા અને શ્રદ્ધા ખૂબ વધી. પર્યુષણમાં ચોવિહાર પણ નહિ કરનારા તેમણે **પોતાના ૯ વર્ષના દીકરાને પ્રેરણા કરી અટ્ઠઈની આરાધના કરાવી !!**

## ૬. ચરણકમલ સેવે ચોસઠ ઈંદા

ઘણા વર્ષો પહેલાની વાત છે. સમેતશિખરમાં નીચે ધર્મમંગલ વિદ્યાપીઠમાં નૂતન જિનાલયની પ્રતિષ્ઠા પૂ. પદ્મવિજય મ.સા.ની નિશ્રામાં હતી. તેનું શિખર લગભગ જમીનથી ૧૦૮ ફૂટ ઊંચું છે. પ્રભુજીની પ્રતિષ્ઠા કર્યા પછી શિખર ઉપર ધજાદંડ કળશની પ્રતિષ્ઠાનો વાસક્ષેપ કરવા માટે પૂજ્યશ્રી અને નરેન્દ્રભાઈ વિધિકારક શિખર ઉપર કળશ પાસે ગયા. ત્યાં બનાવેલ બેસવાનાં સ્થાન ઉપર પૂજ્યશ્રી પાસે નરેન્દ્રભાઈ પણ બેઠા. વાસક્ષેપનો બટવો નરેન્દ્રભાઈના હાથમાં હતો. ગુરુ ભગવંતે વાસક્ષેપ ધજાદંડ ઉપર કર્યો. **અચાનક તે સમયે લગભગ ૮ થી ૧૦ ફૂટ લાંબો સર્પ ત્યાં આવી પહોંચ્યો !!!** નીચે હજારો ભાવિકોએ હર્ષોલ્લાસમાં આ સર્પને જોયો. બધાં આનંદમાં આવીને નાચવા લાગ્યા. પૂજ્યશ્રીએ જેવો સર્પ પર વાસક્ષેપ કર્યો તે સાથે જ **તેઓ બેભાન થઈ ગયા.** નરેન્દ્રભાઈના ખોળામાં તેમનું મસ્તક આવી ગયું.

લગભગ એક ફૂટના અંતરે **ધરણેન્દ્ર નાગદેવ લપકારા મારતી જીભ સાથે બિરાજમાન હતા. નરેન્દ્રભાઈએ નવકારમંત્રનો જાપ ચાલુ કર્યો. ૫ થી ૭ મિનિટમાં ગુરૂ ભગવંતને શાતા વળી અને કળ વળતાં તેઓ બેઠા થયા.** નરેન્દ્રભાઈએ તરત જ આંગળીના ઈશારાથી સર્પ

બતાવ્યો અને તેઓએ તે તરફ વાસક્ષેપ કર્યો. તે સાથે જ ધરણેન્દ્ર નાગદેવ સડસડાટ કરતાં શિખર પરથી નીચેની તરફ સરકવા લાગ્યાં અને પછી **થોડી વારમાં જ અદૃશ્ય થઈ ગયા.** ઘણા બધાએ આ ચમત્કાર નજરે જોયેલ. શાસ્ત્રો કહે છે કે **પ્રતિષ્ઠા વખતે સમકિતી દેવતાઓ વિવિધ સ્વરૂપે સહાય કરે છે, હાજર થાય છે.**

## ૭. સમકિતદષ્ટિ સાંભળો રે લોલ

શ્રી કૃષ્ણનગર જૈન સંઘના ભાવિક શ્રાવક અને સેક્રેટરી એવા કેતનભાઈ. ધર્મભાવના અતિ ઉત્તમ. એમના કેટલાક ગુણોની અનુમોદના કરીએ.

(૧) સંઘનો કોઈ પણ ચડાવો બોલે, આરતીનો હોય કે સુપનનો હોય, ચડાવાના પૈસા પહેલા જમા કરાવે. ત્યારબાદ જ આરતી કે સુપન ઉતારે !!! કયારેક પેઢી બંધ હોય ત્યારે પૈસા ભરવા કયાં જવું? એટલે પહેલેથી જ સંઘના ચોપડામાં વધારાના પૈસા જમા કરાવી રાખે !! **ધર્મનું દેવુ એક સેકન્ડ પણ માથે ન જોઈએ.** આટલા વર્ષોમાં પ્રાયઃ પ્રથમ એવા શ્રાવક જોયા, **જે પેઢીમાં વધારાના (ઉપરના) પૈસા જમા રાખતા હોય.**

(૨) સંઘમાં કોઈ પણ ગુરૂ ભગવંત પધારે, વંદન કરવા તો જવાનું જ પરંતુ જિનવાણીશ્રવણ પણ કરવાનું. અરે કયારેક ગુરૂ ભગવંત સવારની વાચના અને ૯ વાગે, બે વ્યાખ્યાન રાખે તો બંનેમાં આવે, ભાવથી સાંભળે. શાસ્ત્રોમાં સમકિતી આત્માનું લક્ષણ બતાવતા કહ્યું છે કે **ભોગી આત્માઓને જેમ દેવતાઓના ગીત-નૃત્ય-સંગીત ગમે તેના કરતાં પણ સમકિતીને જિનવાણીમાં વધુ આનંદ આવે.** બસ કેતનભાઈને પણ સાંભળતા ખૂબ આનંદ આવે અને સાથે **મોઢાના ભાવો પણ એવા કે** સંભળાવનારને પણ ખૂબ આનંદ આવે.

(૩) પર્યુષણમાં કેતનભાઈ અને તેમના પિતાજીએ આઠ દિવસના પૌષધ કરવાના શરૂ કર્યા. ૪ દિવસ તો પૂરા થઈ ગયા હતા. જોવાનું એ છે કે **શ્રાવિકાને ૧૬ ઉપવાસ ચાલી રહ્યા હતા.** ૮ ઉપવાસ પૂર્ણ થયા હતા ને પર્યુષણ ચાલુ થયા. આવી પરિસ્થિતિમાં કોણ પૌષધ કરે? ઘરમાંથી પુત્ર અને પોતાના ભાઈ પર્યુષણ કરવા બહારગામ આચાર્યશ્રી પાસે ગયા હતા. ભાઈનો દીકરો પર્યુષણ કરાવવા બહારગામ ગયો હતો. ઘરમાં કોઈ સંભાળનાર ન હોવા છતાં પૌષધ કર્યો!!

(૪) પાંચમા દિવસે પ્રભુ વીરનું પારણું ઘરે લઈ જવાનો **ચડાવો ૪૫૦૦૦ રૂ.માં બોલ્યા.** ઘરે કોણ સંભાળશે? એમ નહિ, દાદા બધું જ સંભાળી લેશે. શ્રીકૃષ્ણનગરમાં પારણું ઘરે લઈ જતાં રસ્તામાં ૨૦૦-૩૦૦ યુવાનિયાઓ ભેગા થાય અને ખૂબ ઉલ્લાસપૂર્વક એક-દોઢ કલાક ફરી લાભાર્થીના ઘરે લઈ જાય. આટલા વર્ષોમાં આવો માહોલ (પારણું ઘરે લઈ જવાનો) પહેલી વાર જોવા મળ્યો. ખરેખર નીરખવા જેવો હતો. ઘરે પારણું પધરાવ્યુ અને આજુબાજુવાળા તથા સાઢુભાઈએ બધું સંભાળી લીધું.કેતનભાઈ મને પૂછવા આવ્યા કે પૂજ્યશ્રી શું કરું ? પૌષધમાં વધુ લાભ કે પૌષધ સાંજે પારી ઘરે પારણું લઈ ગયા છે ત્યાં રહેવુ વધુ સારું ? લાભ વધારે શેમાં ? મેં કહ્યું, ''પારણામાં પણ લાભ તો છે જ, પરંતુ પૌષધમાં અનેક ગણો કર્મનિર્જરાનો લાભ છે.'' **તેમણે તુરંત જ ગુરૂવચન તહત્તિ કર્યું અને પૌષધ ચાલુ રાખ્યા.** ધન્ય છે આવા સુશ્રાવકોને !

## ૮. નવકાર મંત્ર હૈ ન્યારા

આ પુસ્તકની પરીક્ષામાં સોમાંથી સો માર્ક મેળવનારા પંક્તિબેન લખે છે કે એક વાર મારા પિતાજીને ઓફિસના કામે કોઈમ્બતુર

જવાનું થયું. તેમની ઓફિસની ગાડીમાં બધાં જવા માટે રવાના થયાં. રસ્તામાં અચાનક તેમની ગાડીમાં પંચર પડ્યું અને જોયું તો કોઈકે ખીલીઓ રસ્તા પર નાખી હતી. ડ્રાઈવર નીચે ઊતર્યો અને **એટલામાં આજુબાજુથી ગુંડાઓ ગાડીને ઘેરી વળ્યાં**. પિતાજીની સાથે લગભગ ૫ થી ૬ જણાં હતાં. પિતાજી વચ્ચે બેઠાં હતાં. તેમની ગાડીમાંથી એક ઓફિસરે સામે હુમલો કર્યો તો તેને ખૂબ જ માર માર્યો. પિતાજીની બીજી બાજુ બેઠેલી વ્યક્તિને પણ ખૂબ મારી અને એ ભાઈ લગભગ દોઢ મહિના સુધી કોમામાં રહ્યાં. **એ વખતે મારાં પિતાજીએ નવકાર મંત્રનો જાપ કરવાનો શરૂ કરી દીધો.** બધાની પાસેથી દરેક પ્રકારની માલમત્તા ચોરોએ ચોરી લીધી. પણ નવકાર મંત્રના પ્રતાપે મારા પિતાજીની એક પણ વસ્તુ ગઈ ન હતી કે ના તો તેમને એ ગુંડાઓએ હાથ અડાડ્યો!!! **એ સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યાં** અને ટુંક સમયમાં જ એ ગુંડાઓ પણ પકડાઈ ગયાં હતાં. ભાવથી બોલજો કે

**"નવકાર મંત્ર હૈ ન્યારા, જિસને લાખો કો તારા."**

## ૯. દૂરથી આવ્યો દાદા દરિશન ધો

પગમાં પાંચ ફ્રેક્ચર થયેલા હતા અને ફરીથી એકસીડન્ટ થયો. **પગને પ્લાસ્ટર કરીને ગળે બાંધ્યો છે.** છ મહિના સુધી પાટો ખોલવાની ડૉક્ટરે ના પાડી હતી. એવા સાધ્વી શ્રી શ્રુતરત્નાશ્રીજી મ.જેઓ પૂ.આ.શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના છે. પાંચ મહિના થયા પછી હાથથી ચાલતા-ચાલતા ગિરિવિહારથી એક કલાકે તળેટી પહોંચી બેઠા-બેઠા ચૈત્યવંદન કર્યું. પછી દાદાની યાત્રા કરવાની ભાવનાથી ધીરે ધીરે ઉપર ચઢવાનું ચાલુ કર્યું. દૃઢ વિશ્વાસ સાથે છ કલાકે ઉપર દાદાના દરબારે પહોંચ્યા. દર્શન કરતા ખૂબ રડ્યા. **પછી અંતરમાં સ્ફુરણા થઈ કે ઉઠ ઉભી થા અને છટ્ઠ કરી સાત યાત્રા**

**એકસો આઠ વાર કર !** ગળે બાંધેલો પગ છોડ્યો. પછી ઉભા થઈ બે કલાક સુધી સ્તુતિ કરી ચાર કલાકે ચાલતા-ચાલતા નીચે આવ્યા અને ત્યારપછી **૧૧૧ વાર ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા કરી.** જેમાંથી કેટલીક તો નવમા અને દસમા ચાલુ વર્ષીતપમાં કરી ! **૧૭ વાર ૯૯ યાત્રા અને નવટુંકની ૯૯ યાત્રા બે વાર કરી છે.**

## ૧૦. પ્રસુતિ વખતે ચોવિહારો અઠ્ઠમ

સરસ્વતીબેન નામના શ્રાવિકા. સામાયિક, પ્રતિક્રમણ, જિનવાણીશ્રવણાદિ આરાધનાઓ સતત કરતા. રોજ પાંચ દેરાસર દર્શન કરતા. સંતાનોને પણ દર્શન કર્યા વગર ખાવાનું આપતા નહીં. સૂત્રની એક ગાથા કર્યા વગર સુવા ન દેતા.

આ બહેનને સાત-સાત દિકરીઓ હતી. તેમ છતાં તેમના પતિને પુત્રની ઈચ્છા ખૂબ હતી. સંજોગવશાત્ આ બહેનને દિવસો રહ્યા. ડીલીવરીના સમયે આ બહેનને સતત દુઃખાવો રહેતા ડૉકટરને બતાવતા ડૉકટરોએ આશા છોડી દીધેલ અને કહ્યું કે કદાચ મા કે પુત્ર બેમાંથી એકની જ જીંદગી બચે તેમ છે. તેમ છતાં આ બહેને મનમાં નિશ્ચય કર્યો કે **'આ મારા પારસ મારા પોતાના'** અને હું અઠ્ઠમનો તપ કરૂં ! મારો અઠ્ઠમ સાચે જ અમને બચાવશે. તેઓએ ગુરૂ મહારાજ પાસે જઈ વંદન કરી, પચક્ખાણ લઈને વાસક્ષેપ નંખાવી અઠ્ઠમનો પ્રારંભ કર્યો.

પહેલો ઉપવાસ ચોવિહારો કરેલ. બીજા દિવસે સીઝરીંગ કરવું પડેલું. સીઝરીંગ બાદ પુત્રનો જન્મ થયો અને બન્નેની (માતા-પુત્ર) તબિયત સારી હતી એટલે બીજા દિવસે પણ ચોવિહારો ઉપવાસ કર્યો હતો ! **અઠ્ઠમ ઉપરની શ્રદ્ધાથી ત્રીજો દિવસ પણ ચોવિહાર ઉપવાસ કરી પૂરો કર્યો** અને ચોથા દિવસે પારણું કરેલ. ત્યારે ડૉકટરો ખૂબ જ

અચંબામાં પડી ગયા કે આમ કેમ બની શકે ?

છેલ્લે આ બહેન લગભગ પાંચ વર્ષ કોમાની જેમ બેશુધ્ધ અવસ્થામાં રહ્યા. છતાં તેમને જ્યારે કોઈ પણ સૂત્ર કે ગાથા બોલવાનું કહેતા ત્યારે આખાને આખા સૂત્રો અણિશુધ્ધ બોલતાં ! જો સૂત્ર સંભળાવનારા કોઈ સૂત્રમાં ભૂલ કરે કે અશુદ્ધ બોલતા તો તરત જ ધ્યાન દોરતા કે અહીં તમોએ ભૂલ કરી છે. આમ **કોમામય જીવનમાં પણ તેઓ પોતાના ધર્મને સદા આગળ રાખી નિત્યક્રમ મુજબ મનમાં સ્વાધ્યાય કરી લેતા..**

ધન્ય છે જિનશાસનની આવી શ્રાવિકાઓને, ધન્ય છે તેમની તપ ભાવનાને, ધન્ય છે તેમની જ્ઞાનભક્તિને. તમને કેટલા સૂત્રો આવડે છે તે પણ જરા વિચારશો.

## ૧૧. કરેંગે યા મરેંગે, અઠ્ઠાઈ કરકે રહેંગે

વિ.સં. ૨૦૬૪, વાસણા ચોમાસામાં પર્યુષણ પૂર્વે સંઘમાં સહુને અઠ્ઠાઈ કરવાની પ્રેરણા કરી. નાના બાળકોને પણ ઉપવાસ તથા અઠ્ઠઈની મહત્તા સમજાવી એક સૂત્ર શીખવાડ્યું કે **"કરેંગે યા મરેંગે, લેકિન અઠ્ઠઈ કરકે રહેંગે".**

**પર્યુષણમાં ૧૨ વર્ષથી નીચેના આશરે ૨૦-૨૨ બાળકોએ અઠ્ઠઈ કરી જેમાં સૌથી નાની ઉંમરની બાલિકા હતી સાડા ચાર વર્ષની.** જેનું નામ પુષ્ટિ પ્રતીકભાઈ !! મૂળ તો માતા-પિતાના સંસ્કાર ખૂબ સારા. પૂ.આ.શ્રી નરરત્નસૂરિજીની પ્રેરણા પામી માતા-પિતા આયંબિલની ઓળીઓ વારંવાર કરતા. **બે બાળકીઓને ધાર્મિક સંસ્કારો ખૂબ આપતા.** અઠ્ઠઈમાં પણ તેના ભાવ વધાર્યા. પુષ્ટિ પર ફોન આવે અને લોકો પૂછે કે આટલી નાની ઉંમરમાં અઠ્ઠઈ થશે? અને તે ફોનમાં જ કહેતી કે **"કરેંગે યા મરેંગે, લેકિન અઠ્ઠઈ કરકે**

**રહેંગે.'' દેવ-ગુરૂકૃપાએ હિંમતથી રંગેચંગે અઠ્ઠાઈ પૂરી કરી.**

વળી, આસો ઓળીમાં પ્રથમ વાર નવે દિવસ આયંબિલ કર્યા! ગુરુકુલમમાં ભણવા જાય ત્યારે ઓપેરા આયંબિલ ખાતે આયંબિલ કરવા જાય. બધા એને જોઈ ખૂબ અનુમોદના કરે. ગુરુકુલમમાં શિક્ષિકાઓને ગુલ્લા બતાવે ને કહે કે **આવા મસ્ત ગુલ્લા ખાવા હોય તો મારી જોડે આયંબિલ ખાતે ચાલો અને આયંબિલ કરો !** હું તમને આયંબિલ સરસ કરાવીશ. બધા હસી પડે.

અહો આશ્ચર્યમ્ !! ૨૪-૨૫ જાન્યુ.૦૯ના દિવસોમાં ચોવિહારો છઠ્ઠ કરી સાત જાત્રા પણ આટલી નાની ઉંમરમાં રંગેચંગે પૂર્ણ કરી !!! સાથે સાથે રસ્તામાં આશરે ૪૦ આરાધકોને ઉત્સાહ પૂરી યાત્રામાં આગળ વધાર્યા.

ધન્ય છે બાલિકાને અને ધન્ય છે તેના માતા-પિતાને ! ભાવિમાં આ બાલિકા જિનશાસનની સુશ્રાવિકાથી આગળ વધી સાધ્વીજી બને તેવા આશીર્વાદ વરસાવશો ને?

## ૧૨. મેં પાપ કર્યા છે એવા

જૈન સોસાયટી સંઘમાં શેષકાળમાં આશરે એક મહિનો રોકાવાનું થયુ. ઉત્તરાયણ હમણાં જ પૂરી થઈ હતી. એક દિવસ ઉપાશ્રયની બહાર જેવો નીકળ્યો કે રસ્તા પર એક સમડી ઝોલા ખાઈ રહી હતી. ઉપર જાય, પાછી નીચે આવે. એક કૂતરો એને ખાવા દોડે અને સમડી ઊડીને થોડી ઉપર જાય કે પાછી નીચે આવે, કૂતરો ખાવા દોડે અને પાછી બીજી બાજુ ઉપર જાય. પહેલા તો કાંઈ સમજાયુ નહિ. પછી ખ્યાલ આવ્યો કે સમડીની પાંખમાં ઝાડમાં રહેલી પતંગની દોરી ભરાઈ ગઈ હતી જેથી ઘાયલ પાંખોથી વધારે ઊડી શકતી ન હતી.

જોડેવાળા શ્રાવકને વાત સમજાવી. એણે મહેનત કરી

પાંખમાંથી દોરી છોડાવી. સમડી ઉડતી ઉડતી કયાંક જતી રહી. એ ઘાયલ પાંખોનું શું થયુ એ તો પછી ખબર ન પડી. હમણાં જ શેફાલીમાં રોકાયા ત્યારે ઉત્તરાયણના ૧૫ દિવસ પછી ઝાડમાં ફસાયેલી દોરીમાં પહેલા કાગડો અને પછી સમડી ભરાઈ ગઈ હતી, જે પાછળથી માંડ બચાવી શકાયા હતા. વિચારવાનું એ છે કે આપણી પતંગની મજા એ કોઈને માટે સજારૂપ સાબિત થતી હોય તો આવી મજા સારી કે ખરાબ? ઘણીવાર તો રસ્તે જનાર છોકરાદિના ગળામાં દોરી આવી જાય અને ગળુ કપાઈ જાય, છોકરો મરી જાય તેવા પણ પ્રસંગો, છાપામાં આવે છે. પતંગ ચગાવતાં ઘણાની આંગળીઓ છોલાય છે. પોતાના આંગળા અને બીજાના ગળા કાપી નાખનારી પતંગની મજા છોડો તો લાખ ધન્યવાદ ! પક્ષીઓની જુવાર અને પશુઓથી જીવદયામાં લાખો ખર્ચનારા હવે તો જાગો !!

ઘણા ખરાને પતંગ ચગાવવા કરતા કાપવામાં વધુ રસ પડે છે. બીજાનો કાપે ત્યારે આનંદ આવે. **આત્મામાં બીજા જીવ પ્રત્યે કઠોરતાના ભાવ પેદા કરનાર આવી મજા અનેક ભવોની સજા ઉભી કરે એમાં શું નવાઈ ?** ઉત્તરાયણના પતંગોથી તો ભાઈ તોબા તોબા !

વર્તમાનમાં અનેક ગ્રુપો આવા દિવસોમાં પક્ષીઓ વિગેરેને બચાવવા માટે ચારેબાજુ દોડધામ કરતા હોય છે. ફોન કરતાંની સાથે જ મારતી ગાડીએ આવતા હોય છે. અનેક યુવાનો પણ પતંગ ચગાવવાનું કે અગાશીમાં મજા કરવાનું છોડી આવા જીવદયાના ગ્રુપોમાં સારવારમાં જોડાતા હોય છે. શું આપણે પણ આપણા વિસ્તારના યુવાનોનું ગ્રુપ બનાવી આ કાર્ય ના કરી શકીએ ?

## ૧૩. નવકારકુંભ છે નવનિધિ કુંભ

આ પુસ્તકની પરીક્ષામાં સોમાંથી સો માર્ક મેળવનારા પાલડી,

અમદાવાદમાં રહેનારા ટિવન્કલબેન લખે છે કે હું ૩૦ વર્ષની યુવતી છું. લગભગ દોઢ વર્ષ પહેલાં મને ખબર પડી કે **મારી બન્ને કીડની ફેઈલ છે.** દવા અને થોડા સમય પછી ડાયાલીસીસ ચાલુ થયા. મને દાદરા ચઢ-ઉતર કરવામાં તકલીફ પડતી. સળંગ બેસવાનું આવે તો હું માંડ ૩૦ મિનિટ સુધી જ સળંગ બેસી શકતી હતી અને વધારે ચાલવાનુ તો અસંભવ હતું. દવા-ગોળી તેમજ તબિયતની અસ્વસ્થતાના કારણે પર્યુષણમાં પણ ચોવિહાર ન થઈ શક્યા.

એક દિવસ મારા પતિએ તેમના મિત્રના ઘરે નવકારકુંભ લાવ્યાની વાત કરી. અમને બન્નેને અમારા ઘરે પણ લાવવાની ઈચ્છા થઈ. આખરે એ શુભ દિવસ આવ્યો. હું મારા ઘરેથી દેરાસર ગાડીમાં ગઈ. પાછા આવતા માથે કુંભ લઈને ચાલવા લાગી. દેરાસરથી ઘર સુધી (લગભગ ૭ થી ૧૦ મિનીટ) ચાલીને જ આવી. ઘરે ગુરૂદેવ પધાર્યા. **તેમણે ૫૧ નવકારવાળી ગણવાનું કહ્યું.** હું મનમાં ખૂબ જ ઉદાસ થઈ ગઈ. કારણકે સળંગ બેસી ન શકાવાને કારણે મારાથી એ શક્ય ન હતું. પરંતુ જાપ ચાલુ થયા ત્યારથી એક અજબની શક્તિ વર્તાવા લાગી. **૨૪ કલાકમાંથી લગભગ ૨૦ કલાક જેટલું જાગીને બેસીને મેં જાપ કર્યા અને ૫૮ નવકારવાળી પૂર્ણ કરી.** લગભગ ૫૦ વખત દાદર ચઢવા ઉતરવાના થયા હતા અને ચોવિહાર પણ થયો. મારી માત્ર ૩ વર્ષની દીકરીએ પણ ચોવિહાર કર્યો. ઘરના સહુ એ દિવસે મને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને આ શક્તિ કયાંથી આવી એ જ પ્રશ્ન સૌના મનમાં હતો. પણ મને સમજાઈ ગયું કે **આ શક્તિ માત્ર અને માત્ર ધર્મનો ચમત્કાર જ હતો.**

## ૧૪. શ્રદ્ધાએ સર્જ્યો ચમત્કાર

દોઢસો વર્ષ પૂર્વે માતર ગામમાં જેશીંગભાઈ કાલીદાસ

જરીવાલા રહેતા હતા. ખૂબ શ્રદ્ધાળુ. જીર્ણોધ્ધાર સમયે પાષાણની આશરે ૩૧ ઈંચ જેટલી શ્રી સુમતિનાથ પ્રભુની પ્રતિમાજીને પ્રતિષ્ઠા પૂર્વે બિરાજમાન કરવા માટે **અગીયાર-અગીયાર માણસોએ ખૂબ મહેનત કરી પણ ખસેડી ન શક્યા.** જેશીંગભાઈ કહે કે લાવો હું પ્રયત્ન કરું. પ્રભુ પાસે ભાવના ભાવી, વિનંતી કરી અને **એકલા જ આખી પ્રતિમા ફૂલની જેમ ઊંચકી લીધી** !! અંતે મૂળનાયક શ્રી સુમતિનાથ દાદાની પ્રતિષ્ઠા સુંદર રીતે પૂર્ણ થઈ અને સ્થાને બિરાજમાન કર્યા.

જેશીંગભાઈ પછીથી દોશીવાડાની પોળ, અમદાવાદ રહેવા આવ્યા ત્યારે પોતાનું ઘર સંઘને ઉપાશ્રય તરીકે અર્પણ કર્યું ! ધન્ય છે ધર્મભાવનાને !! ધર્મારાધનાને, ધર્મશ્રદ્ધાને!!!

માતરના દેરાસરમાં પૂ.પદ્મશ્રી સાધ્વીજીની પ્રતિમા ભરાવેલી છે જેમનો જન્મ વિ.સં. ૧૨૬૮ અને કાળધર્મ ૧૨૯૮માં થયો હતો. ૮ વર્ષે દીક્ષા લીધી હતી. **માત્ર ૩ વર્ષના દીક્ષા પર્યાયમાં તેમને પ્રાયઃ ૭૦૦ શિષ્યા થઈ હતી.** જાવ તો દર્શન કરજો હોં !

## ૧૫. પાર્શ્વ કલિકુંડ વસો મેરે મનમેં

વડોદરાના શ્રાવકને કેન્સર થવાથી મોત સામે દેખાવા લાગ્યું. ડૉક્ટરોએ હાથ ઉંચા કર્યા. છેવટે શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુનું શરણ યાદ આવ્યુ. **કલિકુંડ આવી પ્રભુની ૧૦૮ ફૂલોથી પૂજા કરી, અઠ્ઠમનો તપ કર્યો. એકાગ્રતાથી જાપ શરૂ કર્યો.** તપ અને જાપના પ્રભાવે અશાતા વેદનીય કર્મો ભાગ્યા અને થોડા જ દિવસોમાં રીપોર્ટો નોર્મલ આવ્યા. કેન્સર થયું કેન્સલ.

નારણપુરા, વિજયનગરના રમણભાઈ ધર્મપત્નીને વર્ષીતપનું પારણું પાલીતાણામાં કરાવી અમદાવાદ આવવા નીકળ્યા, બગોદરા પાસે આવ્યા ત્યારે કલિકુંડ દાદાના દર્શનનો વિચાર આવ્યો. ગાડી

એ તરફ લીધી, પરંતુ કર્મોદયે ગાડીના ટાયરમાં પંચર પડ્યું. બગોદરા પંચર કરાવી પાછા આવતા એક કલાક વીતી ગયો. વળી પાછું બીજા ટાયરમાં પંચર પડ્યું. ચોવિહાર આજે રહી જશે તેમ લાગતા કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુને વિનંતી કરી. અચાનક એક નવી મેટાડોર આવી અને તેમની પાસે ઉભી રહી. રમણભાઈ કે પરિવાર કશું બોલે એ પહેલાં ડ્રાયવર કહે કે તમારે કલિકુંડ જવાનું છે એટલે મારી ગાડીમાં બેસી જાવ. ૧૦-૧૨ જણ ગાડીમાં બેસી ગયા. કલિકુંડ જિનાલયે પહોંચ્યા ને ગાડી ક્યાં જતી રહી કાંઈ ખબર ન પડી. કોણ હશે એ ગાડીવાળો ? એને કેવી રીતે ખબર પડી કે આમને કલિકુંડ જવું છે ? કોણે મોકલ્યો હશે એને ? વર્તમાનમાં દાદાના અધિષ્ઠાયકો જાગૃત છે એનો આ પરચો.

૬૫ વર્ષના એક શ્રાવિકા કલિકુંડ ઉપધાન કરવા નીકળ્યા. એસ.ટી.વાળાએ ધોળકા ચાર રસ્તે ઉતારી દીધા. કપડાની બેગ ઉચકવામાં ભારે. હવે દાદા સુધી કેમ પહોંચવું? અંધારૂં થવા માંડ્યું હતુ. શ્રાવિકાએ કલિકુંડ પાર્શ્વનાથ દાદાને યાદ કર્યા, **જાપ ચાલુ કર્યો અને અજાણ્યો સ્કૂટર સવાર આવ્યો અને કહ્યું કે લાવો મને બેગ આપો !!** બેગ આપી બેન સ્કૂટર પર બેઠા. તીર્થના દરવાજે સામાન સાથે બેનને ઉતાર્યા. બેગ નીચે મૂકી આભાર માનવા ઉંચે જુવે તો **સ્કૂટર સહિત સ્કૂટરવાળો ગાયબ**! કોણ આવ્યું હશે?

**આપત્તિને પણ સંપત્તિમાં ફેરવનારા, અશક્યને પણ શક્ય બનાવનારા, વિઘ્નોને હરનારા શ્રી કલિકુંડ પાર્શ્વ પ્રભુનો જય હો !**

## ૧૬. જિનકી પ્રતિમા ઈતની સુંદર

ભારતના અનેક જૈનો વિદેશોમાં જઈને વસ્યા છે. કેટલીય જગ્યાએ દેરાસરો બંધાયા છે. માત્ર એક અમેરિકામાં ૬૦ થી ૬૫

જૈન સંઘો બન્યા છે. શિકાગોમાં શ્રી મહાવીર સ્વામી અને શ્રી પાર્શ્વપ્રભુ મૂળનાયક તરીકે બિરાજમાન કર્યા છે. ઘણી વાર પૂજાઓ ભણાવાય છે. મહિનાના બે રવિવાર પાઠશાળા ચાલે છે જેમાં દોઢ કલાકના અલગ અલગ નવ વર્ગોમાં ૪૦૦ વિદ્યાર્થીઓ આવે છે. સંવત્સરી પ્રતિક્રમણમાં ૧૮૦૦ જેટલા ભાવિકો ઉભરાય છે. માત્ર એક મોટી ખામી છે, ગુરૂભગવંતની ગેરહાજરી. એટલે જ વિદેશ ન જવુ સારૂં. પરંતુ જનારાઓએ આટલો ધર્મ સાચવ્યો તેની અનુમોદના !

યુ.કે., ઓસ્ટ્રેલિયા, આફ્રિકા વગેરેમાં પણ જૈન દેરાસરો બન્યા છે. અનેક અજૈનો પણ જે વીતરાગ પ્રભુના ધર્મની આરાધના કરે છે, તે પ્રભુ મળ્યા પછી એટલું નક્કી કરજો કે **કરોડપતિ બનવું છે કે કરોડો કરોડપતિઓ જેને નમે છે તેવા પ્રભુ બનવું છે ?**

## ૧૭. પ્રભુ માતા તુ જગતની માતા

વિ.સં. ૨૦૬૨માં ડોંબિવલી ચાતુર્માસ થયું. શ્રા.સુ.૩ ના દિવસે શ્રી સીમંધરસ્વામી પ્રભુનું જન્મ કલ્યાણક ઉજવવાનો કાર્યક્રમ સંઘે રાખ્યો હતો. આગલા દિવસોમાં માતા-પિતા બનવાનો ચડાવો બોલાયો. વધતાં વધતાં તરલાબેન રૂ. ૯૫૦૦ બોલ્યા પરંતુ બીજા મીનાબેન રૂ.૧૦,૦૦૦ બોલ્યા અને ચડાવો તેમણે લીધો. કાર્યક્રમના આગલા દિવસે મીનાબેન અંતરાય (એમ.સી.) માં આવ્યા! **ખૂબ રડ્યા કે આવો માતા બનવાનો લાભ મારો ગયો.** છેવટે તરલાબેનને જણાવ્યું કે તમે માતા બનજો, પૈસા હું ભરીશ. તરલાબેનને સમાચાર મળતા મનનો મોરલો નાચી ઉઠ્યો. પોતે રૂ.૧૦,૦૦૦ પૂરા ભરી કાર્યક્રમમાં માતા બન્યા. આશરે ૮૦૦-૯૦૦ જેટલા પુણ્યશાળીઓએ જન્મોત્સવમાં લાભ લીધો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તુરંત જ તરલાબેન મારી પાસે આવ્યા. કહે કે **મહારાજજી ! હમણાં ને હમણાં મને દીક્ષા**

**આપો, મારે દીક્ષા જ લેવી છે.** તમે શ્રાવકને અને બંને છોકરાને સમજાવો, એ હા પાડે એટલે હું દીક્ષા લઈ લઉં!!! ખૂબ ભાવાવેશમાં આવેલા તરલાબેનને માંડ સમજાવ્યા, "હમણા સાધ્વીજી ભ. પાસે થોડોક સમય રહો, ચાતુર્માસ પૂર્ણ થશે એટલે દીક્ષાનું નક્કી કરીશું." માંડ માંડ માન્યા.

ભૂતકાળમાં ઉતરીએ તો આ તરલાબેન મૂળ વૈષ્ણવ કુટુંબના. જૈન કુળમાં લગ્ન થયા. **છેલ્લા ૩-૪ વર્ષથી સાધ્વીજી ભગવંતના સંપર્કમાં આવ્યા, માસક્ષમણનો તપ કર્યો. ચોમાસામાં પણ ૧૬ ઉપવાસની** આરાધના કરી અને પારણું પર્યુષણના થોડા દિવસ પછી થયું. અજૈન કુળમાં જન્મ હોવા છતાં જૈન ધર્મના પ્રભાવે તપથી માંડી આજે દીક્ષાના ભાવ સુધી પહોંચ્યા !!

આ જ કાર્યક્રમમાં શક્રેન્દ્રનો ચડાવો લેનારા અતુલભાઈએ પર્યુષણમાં આઠે દિવસ મૌનપૂર્વક અટ્ઠાઈની આરાધના કરી. સાથે સાથે આઠે દિવસની ક્રિયાઓ તથા સંપૂર્ણ જિનવાણીશ્રવણની આરાધના કરી હતી.

શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે યોગ્ય જીવોને ધર્મ ખૂબ લાભ કરે. અજૈન કુળના આ શ્રાવિકા પ્રભુની માતા બન્યા બાદ ષટ્કાયની માતા (સાધ્વીજી) બનવા તૈયાર થયા. **ધન્યવાદ છે જિનશાસનના ચડાવાની પરંપરાને !!** તમે પણ એવી ભાવના ભાવો કે પ્રભુના માતા-પિતા, કુમારપાળ રાજા જેવા કોઈક ચડાવાનો લાભ ભાવપૂર્વક લઈએ અને તેમના જેવા સદ્ગુણો આપણામાં પણ આવે.

## ૧૮. ગુપ્તદાન એ ઉત્તમદાન

વાસણાના એ પુન્યશાળીના પરિવારજનોએ વર્ષો પૂર્વે ઉપાશ્રયમાં દાનનો લાભ લીધો હોવાથી સંઘે ઉપાશ્રય ઉપર નામ

લગાવ્યું હતું. પુન્યશાળીએ સંઘમાં અરજી આપી કે **અમારૂં નામ ઉપાશ્રય પરથી કાઢી નાખવું !! ભલે પૈસા અમારા પરિવારે આપ્યા હોય. અમારે નામ નથી જોઈતું.** પ્રભુની પેઢીમાં અમારે નામ વગર જ લાભ લેવો છે.

સોલા પાસે એક પુન્યશાળીએ સ્વદ્રવ્યથી દેરાસર બનાવેલું હોવા છતાં આખા દેરાસરમાં નામની તકતી ક્યાંય રાથી નથી. અરે નામનો ઉલ્લેખ પણ નથી.

કલિકાળમાં જ્યારે ચારે બાજુ નામ માટે લોકો લાખો આપવા તૈયાર અને નામ ન આવતુ હોય તો રૂ. ૧૦૦ પણ નહિ એવા અનેકોની વચ્ચે પણ આવા દાનવીરોને ધન્યવાદ છે કે જેને નામની પડી નથી. પાલિતાણા આ.ક.પેઢીમાં વર્ષો પૂર્વેના બાકી રહેલા ચડાવાના આશરે રૂ.૧ કરોડ એક ભાવિકે નામ આપ્યા વગર ભરી દીધાં. **સાધર્મિકોને ઘરમાં અનાજ વિગેરે કોણે મોકલાવ્યું તે ખબર પણ ન પડે તે રીતે આપનારા દાતાઓ આજે પણ ઢગલાબંધ પડ્યા છે.**

**ગુપ્તદાન એ આત્માને વધુ લાભ કરનારૂં, મૂર્ચ્છા નાશ કરનારૂં છે.** ચાલો, આપણે સંકલ્પ કરીએ કે હવેથી શક્ય તેટલુ દાન ગુપ્ત રીતે જ, નામ વગર જ કરવાનો પ્રયત્ન કરીશું. નામ લખાવવું પડે તો એક સુશ્રાવક તરફથી, એક પ્રભુભક્ત તરફથી એમ લખાવી શકાય.

## ૧૯. અમને અમારા પ્રભુજી પ્યારા છે

પાટણમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથની નજીકમાં ખડાખોટડીના પાડામાં સંગ્રામસિંહ સોનીએ બાવન જીનાલય બંધાવેલું છે. તેમાં શ્રી સંપ્રતિ મહારાજાએ ભરાવેલ મહા ચમત્કારી **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પલાંઠીમાં સવા મણ ચોખા સમાય છે** એવી કહેવત વર્ષો જુની છે. સા.સુલસાશ્રીજી મ.ની નિશ્રામાં, સા. સૌમ્યયશાશ્રીજી

મ. ની પ્રેરણાથી ભાદરવા વદ અમાસ તા.૧૬-૯-૧૯૯૩ને ગુરૂવારના રોજ સંઘ સમક્ષ પ્રભુજીની પલાંઠીમાં આનંદ ઉલ્લાસથી ભક્તિ ધૂન સાથે સવા મણ ચોખા ભરવામાં આવ્યા હતા ત્યારથી દોઢ દિવસ સુધી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ, શ્રી કુંથુનાથ તથા શ્રી મુનિસુવ્રત સ્વામી **એ ત્રણેય ભગવાનને સતત અમીઝરણા થયાં હતા !!** જેના દર્શન કરવા પાટણના હજારો જૈન અને જૈનેતરો ભક્તિથી ઉમટ્યા હતા. સવા મણ ચોખા ભરવાનો લાભ શ્રી વિઠ્ઠલદાસ ગુલાબચંદભાઈએ લીધો હતો.

## ૨૦. તપ તપો ભવિ ભાવશું

સુરેન્દ્રનગરના નિવાસી સુરેશભાઈ, ઉં.૫૮. હાલમાં મુંબઈ માટુંગામાં રહે છે. આઠ થી દશ વાર પ્રભુ પ્રતિમાજીઓ ભરાવી છે. ચોવિહાર છઠ્ઠથી શત્રુંજયની સાત યાત્રા ૫૦ થી અધિક વાર કરી છે, કરી રહ્યા છે. કેટલીકવાર તો ભર ઉનાળામાં પણ કરી છે. એક વાર ચોવિહાર છઠ્ઠથી સાત જાત્રા બાદ **પારણું કર્યા વગર જ બીજા અઢાર ઉપવાસ સાથે કુલ વીસ ઉપવાસ કર્યા. વીસસ્થાનકની બધી જ ઓળી સળંગ ૨૦-૨૦ ઉપવાસ સાથે કરી !** તેમાં પણ શ્રી ગૌતમસ્વામીની ઓળીમાં સળંગ ૪૦ ઉપવાસની આરાધના કરી હતી !! સળંગ ૫૦૦ આયંબિલ પણ કર્યા. **દશ વર્ષ પૂર્વે ૭૦ ઉપવાસ કરેલા** ! ત્રણવાર માસક્ષમણ કર્યા !! અત્યારે શ્રી મહાવીર સ્વામીના ૨૨૯ છઠ્ઠ ચાલુ છે. પારણામાં પણ લોલુપતા વગર જે મળે તે ચલાવવા તૈયાર છે.

ચૌદસ-પૂનમ છઠ્ઠ કરી પાલીતાણા જાત્રા કરવા જાય. અઠ્ઠમ કરી બેસતા મહિને શંખેશ્વર જાય. સાથે ગુરૂવૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિ વિગેરે અનેક કામો કરે છે. તેમને પૂ.આ.શ્રી અશોકચંદ્રસૂરિજી પર ખૂબ શ્રદ્ધા હતી. પૂ.શ્રીને ગુરૂ માનતા હતા.

બોરીવલીના રાજુભાઈ પણ આવા અજોડ તપસ્વી છે. સળંગ ૨૦-૨૦ ઉપવાસ સાથે વીશસ્થાનક તપ કર્યો અને છેલ્લે ત્રણ ઓળી સળંગ, ઉપર આઠ ઉપવાસ સાથે **અડસઠ ઉપવાસની આરાધના કરી હતી.** આટલા ઉપવાસોમાં પણ ગુરૂ ભગવંત ન હોય તો સંઘને એક-બે કલાક ધર્મ સમજાવતા, સંભળાવતા. શાશ્વતી બંને ઓળી સ્વદ્રવ્યથી ઘરમાં ઘણાને કરાવે. **જયણા અને જીવદયા ખૂબ પાળે.** દેવ-ગુરૂની શ્રદ્ધા પણ ખૂબ. ધન્ય છે આવા તપસ્વીઓને !

## ૨૧. સીમંધર તેડા મોકલે

ઉંદરાના વતની મનોજભાઈ નાનપણથી ખૂબ જ ધર્મિષ્ઠ હતા. ૧૧ વર્ષની નાની ઉંમરે પ.પૂ.આ. શ્રી હેમપ્રભસૂરી મ.સા. પાસે દીક્ષા લીધી.નામ પડ્યું મુક્તિનિલય વિ.મ.સા. કોઈક પૂર્વભવના અંતરાયોને લીધે દીક્ષા બાદ તેમની તબિયત ખૂબ જ બગડી. ડૉકટરોએ પણ આશા છોડી દીધી હતી.

એવામાં એક દિવસ રાત્રે **તેમણે સ્વપ્રમાં શ્રી સીમંધર સ્વામીને દેશના આપતા જોયાં** અને જોયું કે પોતે પણ દેશના સાંભળી રહ્યા છે. મુક્તિનિલય મ.સા.એ સવારે તેમના ગુરૂ પાસે શ્રી સીમંધરસ્વામીના સમવસરણનું વર્ણન કર્યું. આટલી નાની ઉંમર અને મહાવિદેહ ક્ષેત્રની પૂરેપૂરી જાણ પણ ન હોવા છતાં બાલમુનિને તેનું વર્ણન કરતાં સાંભળીને ગુરૂ મ.સા. પણ ખુદ આશ્ચર્યચકિત થઈ ગયા. ઘટના બાદ તુરંત **તે સંપૂર્ણ સાજા થઈ ગયા.**

હાલમાં પ્રાયઃ તેમનો દીક્ષા પર્યાય ૨૭ વર્ષનો છે અને તેમને ઉપસર્ગો હાલમાં પણ થાય છે. પરંતુ શ્રી સીમંધર દાદાની એટલી બધી કૃપા છે કે ઉપસર્ગ થતાં પહેલાં તેમને તેનો સંકેત મળે. ઉપસર્ગ સમયે જાપના પ્રભાવે દેવતા આવીને જાપ આપે. તે જાપ કરવાથી

ખૂબ સારુ થઈ જાય. પ્રાર્થના સમાજ, મુંબઈમાં તબિયત બગડી ત્યારે અમે નજીકમાં હતા. રાતોરાત જાપના પ્રભાવે ખૂબ સારુ થઈ ગયું. બીજા દિવસે તો પાટ પરથી વ્યાખ્યાન આપ્યું. કહેવાય છે કે તેઓ **અવારનવાર મનથી મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીની દેશના સાંભળે છે.**

આપણે પણ પ્રભુને પ્રાર્થના કરીએ કે

**"મને આવતો ભવ એવો આપજે, જન્મ મહાવિદેહમાં હોય"**

## ૨૨. ગુરૂમૂર્તિમાંથી અમીઝરણાં

વિ.સં. ૨૦૬૩, અ.વ.પના રોજ પૂ.ગચ્છાધિપતિ આ. શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી મ.સા. કાળધર્મ પામ્યા ત્યારે મહુડી તીર્થમાં તેમની પાલખી લઈ ગયા હતા. પૂ.શ્રીની પાલખી અમદાવાદથી બપોરે ૩-૩૦ વાગે નીકળી. બરાબર તે જ સમયે તેમના દાદા ગુરૂ, મહુડી તીર્થના પ્રેરણાદાતા આ.ભ.શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીજી મ.સા.ની દેરીમાં રહેલી **મૂર્તિની આંખોમાંથી અશ્રુપ્રવાહ શરૂ થયેલો કે જે આશરે ૫૦૦૦ માણસોએ અનુભવ્યો હતો અને આ પ્રવાહ અડધો કલાક ચાલુ રહેલ.** કોઈ પણ ગુરૂમૂર્તિમાંથી અમીઝરણાં થયા હોય અને તે પણ આટલા લાંબા સમય સુધી, આવો ચમત્કાર ભાગ્યેજ કયારેક બન્યો હશે. પાલખી આવતાંની સાથે મહુડીમાં વરસાદ પણ શરૂ થઈ ગયો હતો.

## ૨૩. જિસને લાખો કો તારા

વાસણા, અમદાવાદના જયશ્રીબેન લખે છે કે મારા પિતાજીને ટુરનો ધંધો હતો. એક વાર રતલામથી નાગેશ્વરનો યાત્રા પ્રવાસ હતો. પહેલી જ વાર નાગેશ્વરની યાત્રાએ જતા હોવાથી વચ્ચે રસ્તો ભૂલી ગયા. કોઈ દેખાય નહિ. ત્યારે કોઈ અજાણ્યો માણસ આવ્યો. રસ્તો

બતાવ્યો અને તે પ્રમાણે આગળ જતાં નદી કિનારે આવીને ઉભા રહ્યા. અજાણ્યા માણસે કહ્યું ''સામે કિનારે નાગેશ્વર છે''. પાણી નદીમાં બહુ જ હતું. ડ્રાઈવર ગાડી લઈ જવાની ના પાડે. બધાએ કહ્યું કે પાણી ઉંડુ હોય તો ના લઈ જતા. તે જોવા ડ્રાઈવર, મારા પિતાજી, બીજા બે-ત્રણ માણસ નીચે ઉતર્યા. અધવચ્ચે પાણીમાં ગયા અને બીજી બાજુ બસમાં બધાયે નવકારની ધૂન ચાલુ કરી. ત્યાં તો એવો ચમત્કાર થયો કે **બસ તો સીધી સામે કિનારે જઈને ઉભી રહી!!! ડ્રાઈવર તો ગાડી ચલાવતો ન હતો.''** જે રસ્તો બતાવતાં હતાં તે પણ અદ્રશ્ય થઈ ગયા. Who is he ?

થોડા વર્ષો પૂર્વે એક ભાગ્યશાળીને ચામડીનો ચેપી રોગ લાગ્યો. શરીર પર ફોડલા પર ફોડલા થઈ ગયા. લાખોમાં ભાગ્યે જ કોઈને આ રોગ થાય અને એ પણ જીવ લઈને જંપે. એક શ્રાવકે ૧ લાખ નવકારના જાપ કરવાનું કહ્યું અને જાપ પૂર્ણ થતાની સાથે જ રોગ ગયો. રીપોર્ટો નોર્મલ આવ્યા.

## ૨૪. ગાજે ગાજે છે મહાવીરનું શાસન ગાજે છે

વાસણા, નવકાર સંઘમાં મલબાર હીલ ફલેટમાં કિંજલબેન રહે છે. જન્મથી જ રાત્રિભોજન અને અભક્ષ્યનો ત્યાગ. ૮,૧૬,૧૭ ઉપવાસ, વર્ધમાન તપનો પાયો, ચોવિહારો છઠ્ઠ કરી સાત યાત્રા કરેલ છે. ઉંમર ૨૬ વર્ષની છે. ગયા વર્ષે વર્ષીતપ ચાલુ હતો ત્યારે પર્યુષણ પર્વ સમયે ૩૨ ઉપવાસ કર્યા અને પારણે વર્ષીતપ ચાલુ રાખ્યો. **વર્ષીતપના પારણા પૂર્વે સિધ્ધિતપ કર્યો.** જેમાં ૪૩ દિવસમાં ૩૬ ઉપવાસ કર્યા. ધાર્મિક અભ્યાસ કરે છે. દીક્ષાની ભાવના તો ખરી જ.

**આ વર્ષે સળંગ ૭૦ ઉપવાસ સાથે પાલીતાણામાં ૧૦૮ જાત્રા**

**પો.સુ.૧૦ના દિવસે પૂર્ણ કરી.** દેવ-ગુરૂકૃપાથી આટલા ઉપવાસ કરવા છતાં નબળાઈ ન લાગે, મોઢાનું તેજ વધતું જાય, અપ્રમત્તપણે આરાધના કરે. આટલા ઉપવાસમાં પરમાત્મા સમક્ષ મંદોદરીની જેમ બે કલાક નૃત્ય-ભક્તિ કરતા. **કોણ કહે છે કે આ પાંચમો આરો ચાલે છે?**

થલતેજ, અમદાવાદ સ્થિત નિમેષભાઈએ માત્ર છત્રીસ દિવસમાં ૯૯ યાત્રા પૂર્ણ કરી જેમાં પ્રથમ પાંચ ચોવિહારા છઠ્ઠ કરી સાત-સાત યાત્રા, ત્યાર બાદ એક ચોવિહારા છઠ્ઠમાં આઠ યાત્રા, ત્યાર બાદ પાંચ ચોવિહારા છઠ્ઠમાં નવ-નવ યાત્રા કરી. બાકીની જાત્રા ચોવિહારા અઠ્ઠમમાં પૂર્ણ કરી. આ જ ભાગ્યશાળીએ પૂર્વે તપસ્વી સમ્રાટ પૂ.આ.શ્રી હિમાંશુસૂરિજીના આયંબિલવાળા બે સંઘોમાંથી શત્રુંજયના સંઘમાં અઠ્ઠઈ સાથે ચાલીને જાત્રા કરી હતી અને ગિરનારના સંઘમાં નવ ઉપવાસ સાથે જાત્રા કરી હતી.

છેલ્લાં વર્ષોમાં વાનગીની જેમ દેવની દિવાનગીમાં પણ અનેક વેરાયટીઓ બહાર પડી રહી છે. શું તમે એનો ટેસ્ટ ચાખ્યો છે ?

આજથી પ્રાયઃ ૪ વર્ષ પૂર્વે મલાડ, દેનાબેંક સંઘમાં પૂ.પં.શ્રી યશોભૂષણ વિ.ગણિએ ચોમાસુ કર્યું. એકવડિયો બાંધો, હાડકા દેખાય એવું શરીર. **આસો ઓળીના ૯ આયંબિલના પારણે સિધ્ધિતપની શરૂઆત કરી.** જેમાં સાતમી-આઠમી બારી ભેગી કરી પંદર ઉપવાસ સળંગ કર્યા. હજી તપના ભાવોમાં વૃધ્ધિ થતા પારણુ કરવાને બદલે ઉપર બીજા સોળ ઉપવાસ કરી ૩૧ ઉપવાસ પૂરા કર્યા. મા.સુદ પૂનમે પારણુ કર્યું. **માસક્ષમણમાં સંપૂર્ણપણે મૌન, જાપ અને સતત સ્વાધ્યાયની અપ્રમત્તપણે ધૂન લગાવી. ફરી પુછું છું કે શું આ ચોથો આરો તો નથી ને ?**

## ૨૫. અજૈનની ગુરૂભક્તિ

ભાગ-૭માં થાણા-ડોંબિવલી વિહારમાં પાટીલના બંગલામાં ગુરૂ ભગવંતના ઉતારા માટેનો પ્રસંગ નં.૨૯ લખ્યો છે. આ જ અજૈન પાટીલે ઘરની જોડે જ સ્વદ્રવ્યથી વિહારધામ આ વર્ષે નવું બનાવ્યુ. જેથી ગુરૂભગવંતોનો સતત લાભ મળતો રહે.

## ૨૬. કરુણાદૃષ્ટિ કીધી સેવક ઉપરે

સુરતમાં અચિંત્યપ્રભાવી શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે. એમ કહેવાય છે કે **સળંગ છ મહિના જે એમના દર્શન કરે તેના મનોવાંછિત પૂરા થાય છે.** પ્રભુના દર્શન તો પ્રભાવશાળી છે જ પણ પ્રભુના નામનો જાપ પણ, કેટલો પ્રભાવશાળી છે તે અહીં જોઈશું.

થોડાક વર્ષ પૂર્વે એક સાધ્વીજી ભ.ને આંખે દેખાતુ ઘટતુ ગયુ અને છેવટે દેખાતુ બંધ થઈ ગયું. ડૉકટરે રીપોર્ટો પરથી કહ્યું કે **આંખની નસ ૨૫ ટકા સૂકાઈ ગઈ છે.** બે-ત્રણ ડૉકટરોનો અભિપ્રાય લેતા તેમણે પણ આ જ વાત કરી. આંખની કસરત માટે બપોરે બાર વાગે હોસ્પિટલમાં આવવાનું કહ્યું. સાધ્વીજીએ ઈલેકટ્રીકની વિરાધના થી બચવા ના પાડી. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુનો જાપ અને તપ શરૂ કર્યા. દશમા દિવસે ઉપવાસ હતો. ભાવપૂર્વક વિનંતી કરી કે **હે દાદા ! તું સારું નહીં કરે તો ઈલેકટ્રીકની વિરાધના કરવી પડશે.** ખૂબ રડતાં-રડતાં આંખમાંથી ડહોળુ પાણી નીકળ્યું અને આંખોથી બહારનું બધુ ચોખ્ખુ દેખાવા માંડ્યું. દાદાએ ઓપરેશન કરી નાખ્યું.

બાપજી મ.સા.ના એક સાધ્વીજીને વાંસામાં પાછળ ગાંઠ નીકળેલી. કરોડરજ્જુના મધ્ય ભાગે મોટી રસોળી થઈ. સૂવામાં તકલીફ પડે અને દુઃખે. પૂ.આચાર્યશ્રીએ આયંબિલની ઓળી અને સહસ્ત્રફણા શ્રી પાર્શ્વનાથપ્રભુના જાપ કરવાની પ્રેરણા કરી. **જાપનો**

**વાસક્ષેપ રસોળી પર લગાવતા. દસમા દિવસે રસોળી મટી ગઈ. સમાધિ અને સુખદાયક, સહસ્રગણા નામ ધારક શ્રી સહસ્રફણા પાર્શ્વપ્રભુને ઘણી ખમ્મા !!!**

## ૨૭. ટ્રસ્ટીઓની ગુરૂભક્તિ

મુંબઈ, મરીનડ્રાઈવ, પાટણ ચાલના સંઘમાં વિ.સં.૨૦૫૭માં ચોમાસુ કરવાનું થયું. ચોમાસામાં ટ્રસ્ટીઓએ વિનંતી કરી કે **પૂજ્ય શ્રી ! આપને કોઈ પ્રોજેક્ટમાં રકમની વિશેષ જરૂરિયાત લાગતી હોય તો જણાવો.** તે પ્રમાણે સંઘમાં ફંડ કરાવી અમે લાભ લઈશું.

ગુરૂદેવે જણાવ્યું કે તમારી ભાવના સુંદર છે, પરંતુ મારો કોઈ પ્રોજેક્ટ નથી. છતાં એક પુસ્તકથી ઘણાને લાભ થાય છે. એ પુસ્તક સસ્તુ અપાય તો ઘણા ખરીદી વાંચી સ્વપરહિત કરે. આ વિચારીને સંઘમાં વાત મૂકશો. જૈન આદર્શ પ્રસંગો ચોપડીના ભાગો છપાવવાના છે. તેમાં સૌજન્યનો લાભ લેવો હોય તો વિચારશો.

મહેન્દ્રભાઈ, અરવિંદભાઈ વિ.ટ્રસ્ટીઓએ **જાતે મહેનત કરી ૪૫૦૦૦ રૂા. જેટલું ફંડ ભેગું કર્યું** અને આ ચોપડીમાં લાભ લીધો.

સંઘને ચાતુર્માસની આરાધના કરાવી ઉપકાર કરનાર ગુરૂભગવંતોની શાસનપ્રભાવનાની યોજનાઓમાં આવા ઉત્તમ ટ્રસ્ટીઓ ઉલ્લાસભેર લાભ લે છે તેની અનુમોદના.

## ૨૮. જીવરક્ષાથી શરીરરક્ષા

એક શ્રાવકને શરીરની ચામડીનો રંગ ખૂબ બદલાઈ ગયો હતો. ઘણી દવાઓ કરી. ફેર ન પડ્યો. નોકરીમાંથી નિવૃત્ત થયા પછી જીવદયા, અનુકંપાનું કાર્ય શરૂ કર્યું. દર રવિવારે ગરીબોને ખીચડી, કુતરાને લાડવા, ગાયોને ઘાસ નાખવું, વિગેરે કાર્યો શરૂ

કર્યા. દાનવીરો દાન આપી જતા અને વ્યવસ્થા પોતે કરતા. **જીવદયાના આ કાર્યના પ્રભાવે મોઢા પરના ડાઘ જતા રહ્યા અને ચામડી ચોખ્ખી થઈ ગઈ!**

પ્રભુ કહે છે કે જીવહિંસાથી બંધાયેલા પાપોના પ્રભાવે ભાવિમાં રોગીપણું વિગેરે દુઃખો આવે છે, જ્યારે જીવદયાના પાલનથી બંધાયેલા પુણ્યના પ્રભાવે ભાવિમાં નિરોગીપણુ વિગેરે સુખો મળે છે. હજારો વાંદરા અને સસલા પરના પ્રયોગોરૂપી જીવહિંસા પછી બનાવાતી એલોપેથી દવાઓ ભયંકર પાપો બંધાવી ભાવિમાં ભયંકર દુઃખો આપશે. જગતમાં કહેવાય છે કે **દવા કરતાં દુઆ ચડે.** ચાલો, સંકલ્પ કરીએ કે જીવદયાને જાણી વધુમાં વધુ જીવોની રક્ષા કરવાનો પ્રયત્ન કરશું. એટલે જ સજ્ઝાયમાં કહ્યું છે.

**''જીવદયા ધર્મ સાર, જેહથી લહીએ ભવનો પાર.''**

## ૨૯. ધન્ય છે સંઘભક્તિને

વિ.સં. ૨૦૫૫ના વડોદરાના ચોમાસા બાદ શ્રી અણસ્તુ તીર્થનો છ'રીપાલિત સંઘ નીકળ્યો. ત્યાંથી વિહાર કરતા ભરૂચ, શ્રીમાળી પોળ રોકાવાનું થયું. સાંજના સમયે એક અજાણ્યા પુણ્યશાળી બોર્ડ પર ગુરૂ પધરામણીના સમાચાર વાંચીને મળવા આવ્યા. વેજલપુરના હતા. ત્યાંથી ૨ કિ.મી. દૂર થાય. પુણ્યશાળીએ વિનંતી કરી કે **પૂજ્યશ્રી ! અમારા વેજલપુરમાં આપ પધારો તો બધાને લાભ મળે.** ગુરૂદેવે પૂછતાં આશરે ચાલીસ ઘરનો સંઘ હતો. ગુરૂદેવ કહે કે તમારી ભાવના ઉત્તમ છે. કદાચ આવતીકાલે અમે આવીએ પણ અત્યારે રાત પડી. લોકોને વ્યાખ્યાનાદિના સમાચાર કેવી રીતે પહોંચે? **ઘણા સંઘોમાં ૪૦૦ ઘરોમાં ૪૦ જણ પણ પૂરા નથી આવતા તો તમારે ત્યાં ૪૦ ઘરમાં અચાનક બોર્ડ પર લખો તો કોણ આવે ?**

પુણ્યશાળી કહે, ''પૂજ્ય શ્રી ! આપ ચિંતા ન કરો. હું **રાત્રે બધા ઘરોમાં જઈને આવતીકાલના વ્યાખ્યાનનું કહી આવીશ. બોર્ડ પર મોટા અક્ષરોમાં લખાવીશ.** આપ પધારશો તો ઘણાને લાભ મળશે. ૮૦-૧૦૦ ભાગ્યશાળીઓ અવશ્ય આવશે. એમની ખૂબ ભાવના જોઈ ગુરૂદેવે હા પાડી. આમ તો સુરત તરફ વિહાર કરી અભ્યાસ માટે પહોંચવાનું હતું, **પણ ભાવિકોના ભાવ ગુરૂભગવંતોના હૃદય સુધી અવશ્ય પહોંચતા હોય છે.**

બીજે દિવસે અમે વેજલપુર ગયા. ખરેખર આશ્ચર્ય ! વ્યાખ્યાન માં ૮૦-૧૦૦ ભાગ્યશાળીઓએ લાભ લીધો. જો આ પુણ્યશાળી વિનંતી કરવા ન આવ્યા હોત તો સંઘના ભાવિકોને લાભ ન મળત. વિનંતી કરવાથી પચીસમા તીર્થંકર સમાન શ્રી સંઘને જિનવાણી શ્રવણ જેવી વિશિષ્ટ આરાધના કરાવવાનો લાભ આ પુણ્યશાળીને મળ્યો. વ્યાખ્યાનની સામેથી વિનંતી કરનાર ઘણાં ઓછા હોય છે !! આવા ઉત્તમ ધર્મપ્રેમીઓની ખૂબ ખૂબ અનુમોદના.

ત્યારબાદ અમે વિહાર કરી સુરત તરફ આગળ વધ્યા અને ૪-૫ દિવસના વિહાર બાદ રાત્રે ૧૧ વાગે વેજલપુરના ૪-૫ શ્રાવકો અમને શોધતા શોધતા આવ્યા. કહે કે અમારે ત્યાં આપ ચોમાસાનો લાભ આપો. અમારે સુરત તરફ જવાનું હતું. એટલે ના પાડવી પડી પરંતુ કીધું કે તમારો આટલો ઉત્સાહ જાણીને ભવિષ્યમાં આવવાનું થશે ત્યારે ખ્યાલમાં રાખશું. ૮ વર્ષ બાદ ભરૂચ ગયા ત્યારે ખાસ વેજલપુર પણ ગયા જ.

**ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, આરાધકો પણ સંકલ્પ કરે કે સંઘની આરાધનાઓ માટે અમે જાગૃત રહીશું, ગુરૂભગવંતોને વિનંતી કરશુ અને સંઘમાં પધારેલ ગુરૂભગવંતનો વધુમાં વધુ લાભ લઈશુ.**

## ૩૦. જિનાજ્ઞાપાલન જ સુખદાયક

અમદાવાદ, રાજગાર્ડન ફ્લેટમાં રહેનારા કલ્પલતાબેન રાજા લખે છે કે મારે પોતાને પ્રભુકૃપાથી ત્રણ સંતાન છે. તેમાં સૌથી મોટા સંતાન શ્રીપાલનું આખું શરીર આજથી બરાબર ૧૩ વર્ષ પહેલાં એટલે જ્યારે તેની ઉંમર માત્ર ૨૧ વર્ષની હતી ત્યારે અચાનક જકડાઈ ગયું. કંઈ કરતા કંઈ ખબર ન પડે. શું કરવું, શું ન કરવું ? ન ચાલી શકે, ન બેસી શકે, કે ન ઉભો રહી શકે. અમદાવાદના મોટામાં મોટા ડૉકટરોને બતાવવામાં આવ્યું અને સંધિવાનું નિદાન થયું. જેમાં શરીરના તમામ સાંધા જકડાઈ જાય, સાંધા વચ્ચેની ચીકાશ સુકાઈ જાય, દિવસે ને દિવસે શરીર ઓગળતું જાય. હિમોગ્લોબીન ઘટીને ૬ ટકા સુધી થઈ ગયું.

ખૂબ જ ધર્મીષ્ઠ એવા મારા સુપુત્રને ધર્મ ઉપરથી શ્રધ્ધા ઉઠી ગઈ. એના મગજમાં ધર્મીને ત્યાં જ ધાડ પડે એવા વિચારોએ સ્થાન મજબૂત કરવા માંડ્યું. જેણે જીવનમાં કયારેય કંદમુળ કે કોઈ અભક્ષ્ય વસ્તુ વાપરી ન હતી, તે દિકરો ડૉકટરોના કહેવાથી બીટ, ગાજર, મુળા, લસણ વગેરે અભક્ષ્ય વસ્તુઓનું સેવન કરતો થયો. જતે દિવસે પરિસ્થિતિ વધુ બગડતી ગઈ. ૬૭ કિલોનું વજન ઘટીને ૪૧ કિલો સુધી આવી ગયું. સંડાસ-બાથરૂમ પણ પથારીમાં કરવા પડે. શરીર આખું સ્થુળ જેવું બની ગયું. મોઢાનું નૂર ખલાસ થઈ ગયું.

પાંજરાપોળના ઉપાશ્રયે બીરાજમાન પૂ.આ.ભ.શ્રી પ્રબોધચંદ્ર-સૂરીશ્વરજી મ.સા.ને ખબર પડી કે ધનાસુથારની પોળવાળા ચીનુભાઈ ભગતના પૌત્ર શ્રીપાલ રાજાને કોઈ ભયંકર બીમારી લાગી છે. આ વાત મળતાંની સાથે જ બીજે દિવસે ચોમાસી ચૌદસ હોવા છતાં પૂ.શ્રી સવારે ૬ વાગે અમારા નિવાસસ્થાને પધાર્યા અને શ્રીપાલ

પાસે આવ્યા ! વાસક્ષેપ નાંખ્યો, માંગલિક સંભળાવ્યું અને હિતશિક્ષા આપી કે કર્મો તો પ્રભુ વીરને તીર્થંકરના ભવમાં ભોગવવા પડ્યા છે તો તારી ને મારી શી વિસાત ? **ઘોડા વેગે આવેલું કર્મ કીડીવેગે જશે. ભયંકર પ્રકારનું કર્મ જે કરેલું તે ઉદયમાં આવ્યું છે.** હવે તેમાં પણ અભક્ષ્ય ખાઈ, આર્તધ્યાન કરીને તેના કરતા પણ અતિ ભંયકર કોટિનું નવું કર્મ બાંધીને ક્યાં જવું છે ? આજથી નક્કી કર કે **મારે કોઈ પણ પ્રકારના અભક્ષ્ય દ્રવ્યોથી મારા શરીરને અભડાવવું નથી.** કદાચ તું આવા અભક્ષ્ય દ્રવ્યો ન ખાય તો શું થશે?

બસ ગુરૂભગવંતના પવિત્ર વચનોએ શું કમાલ કરી ! શ્રીપાલના હૃદયમાં તે વચનોએ રામબાણ અસર કરી! તે દિવસથી તમામ પ્રકારના અભક્ષ્ય દ્રવ્યોનો ત્યાગ કર્યો અને ઘરમાં બધાને જણાવી દીધું કે **આવા કોઈ પણ પ્રકારના અભક્ષ્ય દ્રવ્યો લાવશો નહીં અને મને આપશો નહીં!!** કદાચ અત્યારે મારી શુધ્ધતા છે પરંતુ પરિસ્થિતિ **બગડે તો પણ મારી અજાણ દશામાં આવા અભક્ષ્ય દ્રવ્યો આપી મારા શરીરને અભડાવશો નહીં. પછી...**

કોણ જાણે શું ચમત્કાર થયો !! તે દિવસ પછી રોજ દિવસે દિવસે પરિસ્થિતિ સુધરતી ગઈ. હિમોગ્લોબીન જે છ ટકા હતું **માત્ર ૨ મહીનામાં ૯ ટકા થયું. જે પથારી વશ થઈ ગયો તો તેના બદલે ધીમે ધીમે બધુ જ પોતાની જાતે કરતો થયો.** ૧૨ મહિનામાં ૬૦ ટકા સુધારો જણાયો અને આજે તો સુધરતા સુધરતા લગભગ ૮૫ ટકા સુધી સારો સ્વસ્થ બન્યો છે!! જે દીકરો સંપૂર્ણ પથારીવશ બની ગયો હતો તે જ દીકરાએ ગયા વર્ષે ચોવિહાર છઠ્ઠ કરીને ગિરિરાજ ની એક યાત્રા ચઢીને કરી. આજે ગાડી, સ્કુટર બધુ જ ચલાવે છે. ઓપેરામાં અમે રોકાયા ત્યારે **મૌન એકાદશીએ અટ્ઠમનો તપ પણ કર્યો હતો!**

પ્રભુએ બતાવેલી વાતો આજે પણ સાક્ષાત્ અનેકનું કલ્યાણ

કરે છે, સુખ આપે છે તે વાત આવા પ્રસંગો સાંભળી, વાંચી આપણને સમજાતી હોય તો આજથી જ નક્કી કરો કે **શક્ય તેટલી વધુમાં વધુ જિનાજ્ઞાનું પાલન કરવાનો પ્રયત્ન કરશું.**

## ૩૧. નવકારકુંભનો પ્રભાવ

અમદાવાદ મૃદંગ, વાસણાના વનિતાબેન ઘરે ઘરે ફરતો નવકારકુંભ લાવ્યા. વિ.સં. ૨૦૬૪ના ચાતુર્માસમાં મૃદંગ સંઘમાં આ કુંભ સમક્ષ ૪૫ લાખ નવકારની આરાધના થઈ હતી. વનિતાબેન-ના ઘરે પણ ૧૦૮ બાંધી નવકારવાળીના બદલે અખંડ જાપ સાથે ૬૫૦ બાંધી નવકારવાળી ગણાઈ. પોતે બપોરે એકાગ્રતાપૂર્વક જાપ કરતા હતા ત્યારે **પહેરેલા કપડાંના એક છેડે વાસક્ષેપ અને લાલ કંકુ પડ્યું !** પણ ધ્યાન ન હતું. ૨-૩ કલાકે જાપ પૂરો કર્યો અને કંકુ, વાસક્ષેપ જોયા પણ વિચાર્યું કે ડાઘ હશે. વળી, **સવારે ત્રણ વાગે જાપ કરતા ફરી વાસક્ષેપ અને કંકુ આવ્યુ.** થોડા દિવસો બાદ ધીમે ધીમે એ બધુ જતુ રહ્યું, માત્ર તેના ડાઘ દેખાય છે.

આ જ શ્રાવિકાબેન સ્કૂટર પર ઓપેરા પાસેથી જતા હતા. મનમાં નવકાર જાપ ચાલુ હતો. અચાનક સામેથી સ્કૂટર અથડાયું. પાંચ ફુટ દૂર ફ્લેટની પાળીએ અથડાયા. ઘરવાળા સહુએ ગભરાઈને માથા સહિતના રીપોર્ટો કરાવ્યા પરંતુ બધુ જ નોર્મલ આવ્યું. વિશેષ કોઈ ઈજા થઈ નહોતી!!

વિ.સં. ૨૦૬૩ કૃષ્ણનગર ચોમાસામાં નવકારકુંભ સમક્ષ ૧ કરોડથી અધિક નવકારમંત્રના જાપ થયા ત્યારે પણ એક પુણ્યશાળીના ઘરે **અમીઝરણા થયા હતા. આખી ચાદર ભીની થઈ ગઈ**. દોરી પર લટકાવ્યા પછી પણ અડધો એક કલાક સતત અમી ઝરતાં હતાં ! છેવટે લપેટીને મૂકી દીધા બાદ બંધ થયા.

## ૩૨. ધર્મી કુટુંબ તે સુખી કુટુંબ

અમદાવાદ, વિજયનગરમાં સંજયભાઈ, ઈલાબેન, બે દીકરીઓ આ ચાર જણનું કુટુંબ. બે દીકરીઓમાં મોટી હાર્દિકાની ઉંમર હાલમાં ૧૫ વર્ષ અને નાની વંદિત્તાની ઉંમર ૧૦ વર્ષ. ચારે જણ ધર્મના રાગી. સંજયભાઈએ પ્રથમ બે ઉપધાન કર્યા છે. હાર્દિકાએ પણ ૧૩ વર્ષની ઉંમરે પ્રથમ ઉપધાન કરી માળ પહેરી. સંજયભાઈ, શ્રાવિકા અને હાર્દિકાએ એક સાથે આજથી ૭ વર્ષ પૂર્વે વર્ધમાન તપનો પાયો નાખ્યો હતો. ત્યારે હાર્દિકાની ઉંમર ૮ વર્ષની. નાની વંદિત્તાએ પણ ત્યારે નિશ્ચય કર્યો અને ૬ વર્ષની ઉંમરે પાયો નાખ્યો.

શંખેશ્વર, પાલિતાણા, શેરીસા વિ.ના છ'રીપાલિત સંઘોમાં હાર્દિકા ત્રણ વાર તથા વંદિત્તા ચાર વાર આરાધના કરી આવી છે. વંદિત્તા સૌ પ્રથમ સંઘમાં છ વર્ષની ઉંમરે ગઈ હતી. વંદિત્તા આજે પણ પાંચતિથિ આયંબિલ કરે છે ! વીસસ્થાનકની ત્રણ ઓળી આયંબિલથી પૂર્ણ કરી છે. બંને બહેનો પ્રાયઃ વર્ષોથી કાયમ ઉકાળેલું પાણી, ચોવિહાર કરે છે! વંદિત્તાએ ૭ વર્ષની ઉંમરે અઠ્ઠાઈ કરી હતી!

**હમણાં જ એક વાર તેરસની રાત્રે ૨ તાવમાં પણ વંદિત્તાએ પ્રતિક્રમણ કર્યું અને બીજે દિવસે ચૌદસે આયંબિલ કર્યું ! પૂર્વભવની ધર્મ આરાધના બંને બહેનોના જીવનમાં પ્રકાશ કરી રહી છે.**

વંદિત્તા ૬-૭ વર્ષની ઉંમરથી અંજનશલાકા, મા-બાપ, તપ, સંયમ વિ. અનેક વિષયો પર ૫૦૦-૧૦૦૦ માણસ વચ્ચે પણ ૧૦-૧૫ મિનિટ બોલે છે. ડોશીમા વિગેરેના એકપાત્રીય અભિનય અનેક લોકોને ડોલાવી જાય છે. આવા ધર્મી કુટુંબો જોઈને સજ્ઝાયની કડીઓ યાદ આવી જાય.

**પુણ્યસંયોગે જિનશાસન મળ્યું છે, મળી છે સદ્‌ગુરૂ સેવા,**

**પરભવ જાતા સાથ ધરમનો,પુણ્યના ભરજો મેવા રે પ્રાણી**
**દોહિલો માનવભવ લાધ્યો, તુમે કાંઈ કરીને એને સાધો.**

## ૩૩. લોગસ્સ સૂત્રની પ્રભાવકતા

જૈનભાઈને ધંધામાં દોઢ થી બે લાખનું નુકશાન થયું. આ ભાઈ પૂ.સાધુ ભગવંત પાસે જઈને રડી પડ્યા. પૂ.સાધુ ભગવંતે **શ્રી લોગસ્સ સૂત્રની ૭મી ગાથાનો ૧૦૮ વાર જાપ કરવાની પ્રેરણા કરી. સાથે દૂધપાક અને કેરીના ત્યાગની પ્રતિજ્ઞા આપી.** ૭મી ગાથાના ભાવપૂર્વક જપથી ૧૫ દિવસમાં ભાઈની આર્થિક સ્થિતિ સુધરવા લાગી ! ૪૫મા દિવસે ગુમાવેલી બધી રકમ પરત આવવાથી "દેવગુરૂ અને ધર્મ"ના અચિંત્ય પ્રભાવની ભાઈની શ્રધ્ધા ગજબનાક રીતે વધી ગઈ. ભાઈએ ૭મી ગાથાનો જપ ચાલુ જ રાખ્યો..

## ૩૪. બાળકીએ માંગ્યા દાદા

ચંદ્રનગર, અમદાવાદમાં રહેનારી બાલિકા ક્રિમા નીરવભાઈ, ઉંમર ૯ વર્ષની છે. ગિરિરાજની ચોવિહારો છઠ્ઠ કરી સાત યાત્રા શરૂ કરી. ૫ યાત્રા પૂર્ણ થયા બાદ ખૂબ તરસ લાગી. **પાણી-પાણીની બૂમો પાડવા લાગી. ખૂબ તરસ લાગી છે.** પિતા કહે, "બેટા ! તું માંગીશ તે લાવીશ પણ હવે બે યાત્રા પૂરી કરી દે."

દીકરી કહે, "સાચે જ ? **નિયમ લો કે એક જ વર્ષમાં આવા આદિનાથ પ્રભુને ઘરે લાવશો.**(ગૃહજિનાલય બનાવશો) હવે તો રોજ આ દાદાની ભક્તિ કરવી છે." પિતાએ હા પાડતાં ભાવોલ્લાસ સાથે દાદાને યાદ કરતાં તરસ ભૂલીને બે જાત્રા પૂર્ણ કરી !! શું આપણે એક જાત્રા કરીએ તેમાં પણ દહીં કે પાણીને છોડી ન શકીએ ?

બાળકીની માને ચોવિહાર કરવામાં ખૂબ તકલીફ પડતી, પરંતુ દીકરીના પરાક્રમને બિરદાવતાં માત્ર તાળી પાડવાને બદલે ગૃહ

**જિનાલય ન થાય ત્યાં સુધી મા મેઘનાબેને અખંડ ચોવિહારનો અભિગ્રહ કર્યો.** તમને ટેણીની શુભ ભાવના ગમી ? તો, સંકલ્પ કરો કે હું પણ આવા ધર્મ મનોરથો કરીશ.

## ૩૫. આવશ્યકોની આવશ્યકતા

આશરે પાંચ વર્ષ પૂર્વે દોલતનગર, બોરિવલી (પૂર્વ)માં ચૈત્રી ઓળી કરાવવાની થઈ. એક દિવસ સવારે આશરે ૧૧-૩૦ વાગે ગોરેગાંવના ભરતભાઈ ઉપાશ્રયમાં કપડા બદલી ધોતિયું પહેરતાં જોયા. મેં પૂછ્યું, "ભરતભાઈ! ગોરેગાંવને બદલે અહીં ક્યાંથી ?" મને કહે કે પૂજ્યશ્રી ! અમદાવાદથી મુંબઈ આવવા નીકળ્યો હતો. બોરિવલી સ્ટેશને ટ્રેન ૧૧-૧૫ ની આસપાસ ઉભી રહી. **મારે રોજની જેમ રાઈ પ્રતિક્રમણ આજે પણ કરવું હતું.** જો ટ્રેનમાં ગોરેગાંવ ઉતરું તો આશરે બાર વાગી જાય અને પછી રાઈ પ્રતિક્રમણ રહી જાય, કેમ કે જિનાજ્ઞા મુજબ કારણે રાત્રે બારથી બપોરે બાર વાગ્યા સુધી રાઈ પ્રતિક્રમણ કરી શકાય, અને દેવસિ પ્રતિક્રમણ કારણે દિવસે બારથી રાત્રે બાર સુધી કરી શકાય, આ તો આપને ખ્યાલ જ છે. માટે રાઈ પ્રતિક્રમણ અત્યારે કરીશ અને ત્યાર બાદ ગોરેગાંવ ટ્રેનમાં જઈશ !! મને થયું કે પ્રભુની આજ્ઞા મુજબ બંને સમયનું પ્રતિક્રમણ આવશ્યક છે એવી શ્રધ્ધાપૂર્વક આવી મુશ્કેલીમાં પણ પ્રતિક્રમણ સાચવનારને હૃદયમાં પ્રભુની આજ્ઞા ખૂબ વસી હશે તો જ આવું મન થાય.

પ્રભુએ શ્રાવકને માટે જિનપૂજા, પ્રતિક્રમણ, જિનવાણી-શ્રવણ, ગુરૂવંદન વિગેરે આવશ્યક એટલે કે રોજ અવશ્ય કરવા યોગ્ય બતાવ્યા છે. એક બાજુ ઘણાં સંઘોમાં નિવૃત્ત માણસો દેરાસરની બહાર બેસીને ગપાટા મારતા જોઈએ અને બીજી બાજુ ધંધાદિની સતત દોડધામ વચ્ચે આવશ્યક ક્રિયા સાચવનારા આવા શ્રાવકોને જોઈએ!! તમારો નંબર શેમાં ?

## ૩૬. જિનવાણી એ મહા અમૃત

મુલુંડ, ઝવેર રોડમાં દર શુક્રવારે આ શ્રાવક વ્યાખ્યાન સાંભળવા આવે. પૂછતાં કહે કે મહારાજ શ્રી ! હું તો અહીંથી ઘણે દૂર મુલુંડ (પૂર્વ)માં રહું છું. શુક્રવારે નોકરીમાં રજા હોય, અમારે ત્યાં દેરાસર છે પણ ઉપાશ્રયમાં ગુરૂભગવંત હોતા નથી. અહીં ઝવેર રોડ સંઘમાં ગુરૂભગવંત અને વ્યાખ્યાન છે કે નહિ તે ખબર ન પડે. એટલે નક્કી કર્યું કે સવારે ૯ વાગ્યાની આસપાસ અહીં ચાલતા દર્શન કરવા આવવું, જેથી કદાચ ગુરૂજી પધાર્યા હોય તો પ્રભુદર્શનની સાથે ગુરૂદર્શન, વંદન અને જિનવાણી શ્રવણનો લાભ મળે !!

પ્રભુએ જેમ પ્રતિક્રમણ, પૂજા આવશ્યક કહ્યા છે તેમ જિનવાણી પણ રોજનો ધર્મ કહ્યો છે. જિનવાણી એ પ્રભુની ભાવપૂજા છે, જેમાં શાસ્ત્રોનું જ્ઞાન મળે, ક્રિયામાં વિધિ-અવિધિનું જ્ઞાન મળે. જ્ઞાન દ્વારા ઘણી આશાતનાથી બચાય અને પ્રભુ પ્રત્યે બહુમાન ભાવ વધે.

શક્ય હોય તો રોજ જિનવાણી સાંભળવી જોઈએ, નહિતર **છેવટે રજાના દિવસે પણ અચૂક સાંભળવી જોઈએ. સારા પુસ્તકો વાંચવા જોઈએ. રોજ બોર્ડ વાંચવા જેથી ગુરૂજી તથા જિનવાણીના સમાચાર મળે.** પૂજારીને કે મુનિમજીને કહી શકાય કે ગુરૂજી અચાનક પધારે, વ્યાખ્યાન હોય તો અમને જણાવશો તો અમને લાભ મળે.

પૂ. હરિભદ્રસૂરિજી મ.સા.એ શાસ્ત્રોના અવગાહન બાદ કહ્યું છે કે જો જિનાગમો રૂપે જિનવાણી ન મળી હોત તો સંસાર સાગરમાં ડૂબી જાત. **જિનવાણી તો મહા અમૃત છે, પીવાનું ચૂકતા નહીં.**

## ૩૭. ગુરૂ વૈયાવચ્ચથી પરમગુરૂની પ્રાપ્તિ

બોરિવલી, જાંબલીગલી ઉપાશ્રયમાં શેષ કાળમાં રોકાયા હતા. રાત્રે ૯ વાગે ભાગ્યશાળી વંદન કરવા આવ્યા. ત્રિકાળવંદના કરી.

મેં પૂછ્યું કે અત્યારે આવવાનું કોઈ ખાસ પ્રયોજન ?

ભાગ્યશાળી કહે, "સાહેબજી ! મારે નિયમ છે કે આખા દિવસમાં ગમે ત્યારે સાધુ-સાધ્વીના દર્શન-વંદન કરવા. **જે દિવસે ન થાય તે દિવસે રૂા.૫૦૦૦ ભંડારમાં નાંખવા.** આજે દિવસભર તપાસ કરતાં છેવટે હમણાં આપની પધરામણીના સમાચાર મળ્યા એટલે વંદન કરવા આવ્યો."

દેવની જેમ ગુરૂભક્તિને આવશ્યક માનનારા આવા શ્રાવકો આવતા ભવે પરમ ગુરૂ (પ્રભુ) સુધી પહોંચે એમાં શું નવાઈ !!

સાધુ-સાધ્વીની વૈયાવચ્ચની મહાનતા જાણ્યા બાદ આજે અનેક ટ્રસ્ટો, વૈયાવચ્ચ કેન્દ્રો ચાલે છે. કુમારપાળ વિ.શાહ, સતીષભાઈ, અજયભાઈ જેવા અનેક ભાગ્યશાળીઓ ખડે પગે આનો લાભ લઈ રહ્યાં છે ! અમદાવાદમાં અજયભાઈ સમગ્ર દિવસ આ જ કાર્ય કરે છે. સાધુ-સાધ્વીના કોઈ પણ જાતના રોગમાં કયા ડૉક્ટર સારા, કયા રસ્તાથી માંડી રીપોર્ટો કાઢનારી લેબોરેટરી સુધીના અનુભવ મેળવ્યા છે ! એવા પણ ગુરૂભક્તો છે કે પોતાના માનેલા ફેમિલી ગુરૂના દર્શન ના થાય ત્યાં સુધી મોઢામાં પાણી પણ ના નાંખે. રોજ સવારે અમદાવાદમાં જ્યાં હોય ત્યાં વંદન કરી પછી જ કાંઈ પણ વાપરે.

ડોંબિવલીના ચાતુર્માસમાં કાંતિભાઈ માલદે પણ રોજ વૈયાવચ્ચનો લાભ લેતા. આગળ વધી ચાતુર્માસ બાદ અમદાવાદ તરફના વિહારમાં વ્હીલચેર ચલાવનાર માણસ તુરંત ન મળતાં દિવસો સુધી સાથે રહી જાતે વ્હીલચેર ચલાવી હતી ! માણસ આવ્યો ત્યારે પણ વિનંતી કરી કે ગુરૂદેવ! હજી આપને જરૂર લાગે તો જોડે રહેવા તૈયાર છું. અમે ના પાડતા છેવટે ડોંબિવલી પાછા ગયા.

અનેક ક્ષેત્રોમાં વિહાર કરતાં જઈએ ત્યારે આગળથી લેવા

આવનારા અને પછીના વિહારોમાં જોડે મૂકવા આવનારા અનેક શ્રાવકોને અવશ્ય યાદ કર્યા વગર ન રહી શકાય.

ભાવિમાં સંયમ અને સર્વોત્કૃષ્ટ ગુરૂ એવા પ્રભુ સુધી પહોંચાડનાર ગુરૂવૈયાવચ્ચ મન મૂકીને કરશોને ?

## ૩૮. જાગતા સંઘો

વિ.સં.૨૦૬૫માં નવા વાડજના ૭-૮ સંઘોમાં શેષકાળમાં રોકાવાનું થયું. સાધુ ભગવંતોના ચોમાસા થતા નથી. શિવમ, તુલસીશ્યામ, આનંદનગર, નંદનવન, ઘાટલોડીયા વિગેરે ઘણા સંઘોમાં આરાધકોની ભાવના ખૂબ સારી. સવારના વ્યાખ્યાનની સાથે રાત્રિ વ્યાખ્યાનોમાં પણ ઘણા ભાવિકો આવે. યુવાનોને રાતના અનુકૂળતા વધારે રહે એટલે ભાઈઓ માટેના રાત્રિ વ્યાખ્યાનમાં ઘણા યુવાનિયા પણ આવતા. તેમાંથી કેટલાક સંઘોની આરાધનાઓ જોઈએ.

(૧) શિવમ આદીશ્વર જૈન સંઘમાં સામૂહિક વર્ષીતપની આરાધના સંઘ કરાવી રહ્યો છે ! જેની શરૂઆત જાણવા જેવી છે. આમ તો ઘણા ખરા મધ્યમવર્ગીય ઘરો. ૨-૩ ભાવિકોને ભાવના થઈ કે આપણે સામૂહિક વર્ષીતપ કરાવીએ. **મૂળનાયક આદીશ્વર દાદા ઉપર શ્રધ્ધા રાખી શરૂઆત કરાવી.** બિયાસણાના દાતાઓ મળવામાં શરૂઆતમાં ક્યારેક તકલીફ પડતી પરંતુ દાદાની કૃપાએ અત્યારે ૩૩ પુન્યશાળીઓ વર્ષીતપ કરી રહ્યા છે ! બિયાસણાના બધા લાભાર્થીઓમાં આશરે ૩૦ જેટલા બિયાસણા તો અજૈન એવા હોટલવાળા, રજપૂત, ઠાકોરોએ પણ કરાવ્યા ! વર્ષીતપ કરનારા કેટલાક તો જીંદગીમાં પહેલી વાર ઉપવાસ કરી રહ્યા છે. હવે તો પારણાની તડામાર તૈયારીઓ શરૂ થવા લાગી છે. પંચાન્હિકા

મહોત્સવ, સાધર્મિક ભક્તિના આયોજનો અને લાભાર્થીઓ પણ પ્રાયઃ તૈયાર થઈ ગયા છે.

વર્તમાનમાં અનેક સંઘો આવી રીતે સામૂહિક વર્ષીતપ કરાવી રહ્યા છે. મુખ્ય તો શ્રાવિકાઓને સવારના બિયાસણામાં ઘરમાં તૈયારી કરવી ખૂબ મુશ્કેલીભરી હોય છે પરંતુ સામૂહિકમાં સવારનું બિયાસણું થવાથી ઘણા ય જોડાય છે. ભાવનગરમાં તો ૬૦૦ જેટલા વર્ષીતપ સામૂહિક થયા. શરૂ શરૂમાં પથરા મારનારા ય ઘણા મળે. પરંતુ આરાધકોના તપ અને ભાવનાના પ્રભાવે દાતાઓ પાછળથી લાભ લેવાની લાઈન લગાવતા હોય છે. ઘણા સંઘોમાં તો પાછળથી દાતાના નામ વધી પડતા સવાર અને સાંજ બંને સમયના બિયાસણા કરાવતા હોય છે. કહેવાય છે કે સાહસ વગર સિદ્ધિ નથી.

(૨) તુલસીશ્યામ સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની નિશ્રામાં રોકાયા અને યુવાનોની શિબિર અંગે પ્રેરણા કરતાં. ટ્રસ્ટીઓએ સહર્ષ સ્વીકારી. તે સંઘ અને બહારના સંઘોના થઈ આશરે ૧૫૦ જેટલા યુવાનોએ લાભ લીધો. આર્થિક બધો જ લાભ સંઘના ભાવિકોએ જ લીધો. **શિબિરના આગલા ૨-૩ દિવસમાં કાર્યકર્તાઓએ બધાના ઘરે ઘરે ફરી શિબિરમાં આવવા માટે યુવાનોને પ્રેરણા કરી જેથી અનેક યુવાનો સંઘના તથા બહારના આવ્યા, જેમાંથી ઘણા તો પહેલી જ વાર શિબિરમાં આવ્યા અને નક્કી કરીને ગયા કે આટલું જ્ઞાન મળતું હોય તો ફરીથી શિબિર જ્યાં હશે ત્યાં ચૂકીશું નહિ.**

કાર્યકર્તાઓ પાસ આપવા ઘરે ઘરે ગયા ત્યારે કેટલાક યુવાનો તો પૂછે કે મને નવકાર જ આવડે છે બીજુ કાંઈ આવડતું નથી તો શિબિરમાં અવાશે ? કોક પૂછે કે ત્યાં શું કટાસણુ, ચરવળો લઈને આવવાનું ? કાર્યકર્તાઓ કહે કે તમે ચિંતા ન કરો. નવકાર આવડે છે

એ ય સારું છે અને કટાસણા વિગેરે જરૂરી નથી. માત્ર સાંભળો તો પણ ચાલે. **ઘણા ય સંઘોમાં ચાતુર્માસિક ફંડ માટે ઘણા ટ્રસ્ટીઓ ઘરે ઘરે ફરે પરંતુ આ રીતે શિબિરમાં આવવાની પ્રેરણા કરવા ઘરે ઘરે ફરનારા પહેલી વાર જોયા. ધન્યવાદ છે આવા કાર્યકર્તાઓને !!!**

પોષદશમીમાં પણ સામાન્યથી ૨૫-૩૦ અઠ્ઠમ થાય તેવા આ જ સંઘમાં કાર્યકર્તાઓએ ઘરે ઘરે ફરી અઠ્ઠમની પ્રેરણા કરી તો ૧૨૫ થી પણ વધુ અધિક અઠ્ઠમ થયા. **ઉલ્લાસ એટલો વધ્યો કે પારણા કરાવી સૌને ૧૫ ગ્રામ ચાંદીની લગડીનું બહુમાન કર્યું.**

ઘણા ખરા જૈનો આવા વિસ્તારોના સંઘોને ક્યાં તો જાણતા નથી અને ક્યાં તો આવા સંઘોમાં આવી ઉત્તમ આરાધનાઓની જાણકારી નથી. વાડજ વિસ્તારમાં પણ ૯ થી ૧૦ સંઘોની આરાધનાઓની ખૂબ અનુમોદના. જો અવારનવાર મહાત્માઓ પણ પધારે તો હજી વિશેષ જાગૃતિ આવી શકે. **સંઘવાળાની વિનંતી છે કે પૂજ્ય ગુરૂભગવંતો ! અમારા વિસ્તારમાં પણ રોકાવાથી માંડી ચોમાસુ કરવા પધારો !! પધારો !!!**

## ૩૯. ઉપાશ્રય મારો પોતાનો

ઓપેરા સંઘ, પાલડી, અમદાવાદમાં ચૌદસના પક્ખી પ્રતિક્રમણ વખતે ૧૦૦-૧૨૫ ભાઈઓ પ્રતિક્રમણમાં આવે. અમે રોકાયા હતા અને ચૌદસે પ્રતિક્રમણ માટે એક શ્રાવક પણ આવ્યા. બહાર પગલૂછણિયું હતું નહિ એટલે આ શ્રાવકે ખિસ્સામાંથી હાથ-રૂમાલ કાઢ્યો અને તેનાથી પગ લૂછી પછી અંદર આવ્યા !! ગુરૂદેવે જોયું એટલે પૂછતાં શ્રાવક કહે છે કે **પૂજ્યશ્રી ! ઉપાશ્રય તો અનેક ભાવિકોને આરાધનાનું સ્થાન છે. ઘરને ય ચોક્ખુ રાખનારા અમારે આવા પુણ્યના સ્થાનને તો ચોક્ખુ રાખવું એ અમારી ફરજ છે.** આટલા

વર્ષોમાં પોતાના રૂમાલથી પગ લૂછીને ઉપાશ્રયને મેલો ન થવા દેનાર શ્રાવક પહેલી વાર જોયા.

મારું ઘર, મારી દુકાન કરનારા મારું દેરાસર, મારો ઉપાશ્રય માનતા હોઈએ તો કાયમ ઉપયોગ રાખવો જોઈએ કે **દેરાસર, ઉપાશ્રયમાં હંમેશા પગ ધોઈને કે લૂછીને જ પ્રવેશ કરવો જોઈએ,** જેથી ધર્મસ્થાનકને ચોખ્ખુ રાખવાથી બહુમાનભાવ પેદા થાય, પુણ્ય બંધાય અને ઉત્તમ સ્થાનને દૂષિત કરવાનું પાપ આપણા માથે ન ચડે. **મોઢામાંથી અને નાકમાંથી નીકળતો કચરો ઉપાશ્રયના ગમે તે ભાગોમાં ફેંકનારા જરા ચેતજો હોં !!**

## ૪૦. અનીતિ કે તીન અપાય

મુલુંડના રશ્મિભાઈ, રાત્રિ વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. પ્રવચન બાદ વાત નીકળી કે થોડા વર્ષ પૂર્વે સીમેન્ટની બોરીનો ધંધો કરતા હતા. એકવાર બોરી લાવનાર ટ્રક ડ્રાઈવરને ફોડ્યો. ટ્રકમાં ડ્રાઈવરની કેબીનની ઉપરના ભાગમાં થાય તેટલી સીમેન્ટની બોરી ભરીને લાવવાની અને તેના હું પૈસા તને આપીશ. ટ્રકવાળાએ લાલચમાં ફેક્ટરીમાંથી વધારાની બોરીઓ ચોરી કરી આપવાની ચાલુ કરી. બસ થોડા મહિનાઓમાં **રૂા.૨૫૦૦૦ રશ્મિભાઈ કમાયા.** આવો હરામનો માલ પાયમાલ કરે, અનીતિનો પૈસો ક્યારેય કોઈને પચતો નથી એ વાત ફરી ફરીને યાદ કરાવું છું કહેવાય છે કે

**અનીતિ કે તીન અપાય, તૂટ જાયે સબ સંબંધ,**
**અચ્છા નહી રહે શરીર, નરક મેં જાના પડે.**

અનીતિ કરનારા પર સગા પણ વિશ્વાસ મૂકવા તૈયાર નથી હોતા. અનીતિના પાપો શરીરમાં રોગો પેદા કરે છે એટલે કે પાપ ફૂટી નીકળે છે અને છેલ્લે નરકાદિ દુર્ગતિમાં જવું પડે છે. બસ જુઓ

હવે આ અનીતિના પાપનો પ્રભાવ !!

થોડાક સમયમાં દુકાન, ઘર પર એવી આપત્તિ આવી કે **અઢી લાખ રૂપિયાનું નુકશાન થયું,** દુકાન વેચી મારવી પડી અને ઘરવાળી કાયમ માટે પિયર ભાગી ગઈ. લો કરો હવે **રૂા. ૨૫૦૦૦ ના જલસા!!**

જો કે ત્યાર બાદ જૈન કુળની શ્રાવિકા જોડે બીજા લગ્ન થયા. શ્રાવિકા ધર્મી અને સમજુ હતી. ધીમે ધીમે ધર્મ માર્ગે રશ્મિભાઈને વાળ્યા. આજે ધંધેથી આવી પહેલા રાત્રિ વ્યાખ્યાન માટે શ્રાવિકાએ જ પ્રેરણા કરી મોકલ્યા હતા. હવે તો ઘણો ધર્મ કરતા થયા છે.

## ૪૧. અજવાળા દેખાડો

આજથી આશરે ૧૫-૨૦ વર્ષ પહેલાની વાત છે. તુલસીશ્યામ, નવાવાડજ, અમદાવાદમાં રહેતા મહેન્દ્રભાઈ ઘીનો ધંધો કરતાં હતા. માધુપુરામાં એમની દુકાન છે. પ્રભુના દરબારમાં દીપકના ઘીનો સંપૂર્ણ લાભ લીધો. **મને આવો લાભ ક્યાં મળે ? એ જ ભાવના !** એ વખતે રોજના ૮-૧૦ ડબ્બા ઘીના વેચતા. દાદાના દેરાસરમાં જે લાભ લીધો તેના પ્રભાવે આવક વધતી ચાલી. પછી તો ધંધો એટલો વધ્યો કે આજે રોજના ૧૦૦-૧૧૦ ડબ્બાનું વેચાણ થાય છે. આજે પણ દેરાસરમાં ઘીનો સંપૂર્ણ લાભ એ લઈ રહ્યા છે. દર મહિને આશરે એક ડબ્બો ઘી વપરાય તો પણ એક જ ભાવના કે **આ બધું દાદાએ જ આપ્યું છે, બધું તેમને આપી દેવું જોઈએ જ્યારે હું તો થોડું દાદાને આપું છું અને ઘણું ખરું હું વાપરું છું.**

દાદાના દરબારમાં દીવા કરનારના જીવનમાં અવશ્ય દીવા થાય તેમાં શું નવાઈ !!

## ૪૨. ગુરૂજી અમારો અંતરનાદ

મુલુંડ, સર્વોદયના ઉપાશ્રયમાં શેષકાળમાં રોકાયા હતા. એક

યુવાન વંદન કરવા આવ્યો. ગુરૂદેવે પુછ્યું, "પુણ્યશાળી ! વંદન રોજ કરો છો ?" યુવાન કહે કે આજથી થોડા વર્ષો પૂર્વે હું ધર્મ થોડો કરતો હતો. **મારા સગા-સંબંધી, પરિચિતો સહુએ એક જ વાત સમજાવી કે સાધુ પાસે જવું જ નહીં.** આપણો સમય બગાડે, નિયમ આપે, પૈસાનું દાન આપવાનું સમજાવે વિગેરે. મેં પણ નક્કી કર્યું કે હવે ઉપાશ્રય જવું નહીં.

ગયા વર્ષે ગુરૂજી ચોમાસું આવ્યા હતા, તેમના વ્યાખ્યાનમાં મારો મિત્ર જતો હતો. મને પણ પ્રેરણા કરી. કૂતુહલથી આવ્યો, પણ **જ્યારે વ્યાખ્યાન સાંભળ્યું, તે સાંભળતા દેવ-ગુરૂનો મહિમા સમજાયો! મનમાં રહેલી વિચિત્ર માન્યતાઓ સાફ થઈ ગઈ !** લાગ્યું કે અત્યાર સુધી ભ્રમણામાં રહ્યો. **આ જગતમાં લોકો હજારો રૂ. ખર્ચી હોટલોમાં ખાવા જાય છે. લાખો રૂા. ખર્ચી ડૉક્ટરો અને વકીલો પાસે જાય છે** અને છતાં જાણે કે આપણે ગરજે ગધેડાને બાપ કહેવો પડે તેમ લાઈનોમાં ઉભા રહેવું પડે છે, જ્યારે આ સાધુઓ તો સ્વાર્થ વગર, સ્પૃહા વગર આપણા પર કેટલો ઉપકાર કરે છે. હવે તો કાયમ પૂજાની જેમ ગુરૂવંદન કરવા આવીશ. ત્યારથી રોજ વંદન કરવા આવું છું. હવે એવા આશીર્વાદ આપો કે ધર્મના માર્ગે સતત આગળ વધતો જ જાઉં.

વર્તમાનકાળમાં અનેક યુવાનો ગમે તે વ્યક્તિઓની વાતો સાંભળી દેવ-ગુરૂ-ધર્મ વિશે ખોટા અભિપ્રાયો બાંધી બેસતા હોય છે. જુવાનીના વર્ષો આમને આમ નાસ્તિકપણે નીકળી ગયા બાદ વર્ષો પછી દેવ-ગુરૂની મહાનતા ઘડપણમાં સમજાય ત્યારે તો બીજી અનેક મુશ્કેલીઓમાં ધર્મારાધનાથી વંચિત રહેતા હોય છે. **થાય તેટલો ધર્મ જુવાનીમાં ય કરી લેવા જેવો છે.**

## ૪૩. મા-બાપને ભૂલશો નહિ

સાંતાક્રુઝ ઈસ્ટમાં નડિયાદના શ્રી રાજેન્દ્ર પટેલ રહે છે. વર્ષો સુધી મફતલાલ ગ્રુપમાં મોટી પોસ્ટ પર રહ્યા. તેમના માતૃશ્રીને પેરેલિસિસ થઈ ગયો. શરીર નકામું બન્યું. તેથી માતુશ્રી માનસિક રીતે પણ ભાંગી પડ્યા. મગજની સ્થિરતા ગુમાવી બેઠાં. સગા દીકરાને પણ ન ઓળખી શકે. સ્પષ્ટ બોલી પણ ન શકે. રાજેન્દ્ર પટેલને બાળપણથી જ સંતોનો સત્સંગ. ૬૫ વર્ષના તેમના માતૃશ્રીને આ રોગ થયો ત્યારથી જ તેમની સેવામાં જોડાઈ ગયા ! મનની સ્થિરતા ન હોવાથી માતૃશ્રી ક્યારેક તું કોણ છે ? આઘો જા અહીંથી. એવુ પણ બોલી જતાં. છતાં પણ સ્નેહપૂર્વક તેમને ઉંચકી બાથરૂમમાં નવડાવવા રાજેન્દ્રભાઈ પોતે લઈ જતા. સમય અનુસાર દવા પાય. જમાડે પોતાની ગેરહાજરીમાં તેમની સારી પરિચર્યા થાય એ માટે તેમણે નોકરાણી પણ રાખી. રાજેન્દ્રભાઈ નોકરીએ જતા ત્યારે મોડું થઈ જતું તો તેમના શેઠ કહેતા "તમે માતૃભક્તિ કરો છો તેથી મોડા આવશો તો પણ ચાલશે !" આજે આવી માતૃભક્તિ કરનારા ક્યાં છે ?

ખંભાતના ગિમટી વિસ્તારના રહેવાસી શનીલાલ ખીમચંદ પરિવાર હાલમાં અમદાવાદ છે. વડીલ માતૃશ્રી સ્વ.લલિતાબેને **જીવનની પાછલી વયમાં ત્રણ ઈચ્છા પ્રગટ કરી !** (૧) મારો કોઈ એક પુત્ર ઘર દેરાસર બંધાવે (૨) પરિવારમાંથી કોઈ સંઘ કાઢે (૩) પરિવારની કોઈ એક વ્યક્તિ દીક્ષા લે. આજના કળિયુગમાં આમાંથી એક પણ ઈચ્છા પૂર્ણ થાય તે કહી ન શકાય. પણ પૂર્વેના ધાર્મિક સંસ્કારો અને ધર્મ પ્રત્યેની દઢ શ્રધ્ધાને કારણે તેમના જયેષ્ઠ પુત્ર કેસરીભાઈના બંને પુત્ર રાકેશભાઈ અને દર્શનભાઈના ઘરે

પ્રશાંતપાર્ક, પાલડીમાં ઘર દેરાસર છે. (૨) કેસરીભાઈએ માતાની ઈચ્છા પૂર્ણ કરવા પાલીતાણા સંઘ કાઢી પરિવારને જાત્રા કરાવી અને (૩) કેસરીભાઈએ શરીરમાં અશક્તિની મુશ્કેલી હોવા છતાં મારું જે થવાનુ હશે તે થશે એમ વિચારી માતાની ઈચ્છા પૂર્ણ કરવા પત્ની રસીલાબેનને દીક્ષાની સંમતિ આપી, ધામધૂમથી દીક્ષા આપી. તેમના પરિવારમાં બધાં વર્ષોથી ચૌવિહાર કરે છે. **કોઈપણ વેપારી પાંચ વાગ્યા પછી ઓફિસે આવતા નથી.**

આપણે પણ માતા-પિતા, વડીલોની ઉત્તમ ધર્મભાવનાઓને સુપુત્રની જેમ ઉત્તમ રીતે પૂર્ણ કરીએ. કલિકાલમાં જ્યાં **કૂતરાને ઘરમાં રાખવો સ્ટેટસ ગણાતું હોય, પણ ઘરડા, ગામડિયા મા-બાપને રાખવામાં સ્ટેટસ ઉતરી જતું હોય, દીકરાને સાચવનારી માતાઓ કરોડો મળતી હોય પણ દીકરાની દાદીને સાચવનારી માતાઓ ઓછી મળતી હોય તેવા કાળમાં મા-બાપની ભાવનાને પૂર્ણ કરનારા ઉત્તમ જીવોને ધન્યવાદ !!**

## ૪૪. વાવી લ્યો ભાઈ વાવી લ્યો

**"પૂજ્યશ્રી ! કાંઈક લાભ આપો !"** એક અજાણ્યા શ્રાવક હિતેશભાઈએ વંદન કરી ગુરૂદેવને વિનંતી કરી. મુંબઈ,ગોરેગામ, જવાહરનગર સંઘમાં શેષકાળમાં રોકાયા હતા ત્યારે સાંતાક્રુઝમાં રહેનારા આ હિતેશભાઈ વંદન કરવા આવ્યા હતા. ગુરૂદેવે કહ્યું, "તમારી ભાવના ઉત્તમ છે પરંતુ મારે કાંઈ ખપ નથી." છતાં ફરી ફરી ૨-૩ વાર શ્રાવકે વિનંતી કરતાં ગુરૂદેવે ના પાડી. જોડે આવેલા આરાધક અતુલભાઈ કહે કે **આ મહાત્મા ખાખી બંગાળી છે. તમને કાંઈ લાભ નહીં આપે.**

છતાં અજાણ્યા શ્રાવકે વારં વાર વિનંતી કરી ત્યારે ગુરૂદેવને

થયું કે આમની ભાવના દવાની છે કે નાની-મોટી કેવી છે, તે શું ખબર પડે ? એટલે કહ્યું, "અમારે તો કાંઈ જરૂર નથી પરંતુ તમારી ભાવના ખૂબ છે તો જણાવું છું. **બે-ત્રણ મહિના પછી ઉનાળાના વેકેશનમાં યુવા સંસ્કાર શિબિર છે.** તમારી જો ભાવના હોય તો શિબિરમાં જે લાભ લેવો હોય તે લઈ શકો."

શ્રાવકે પૂછ્યું કે ગુરૂજી ! શિબિરની યોજનાઓ આપ કહો તો મને લાભ મળે. ગુરૂદેવે કહ્યું કે સવાર-સાંજની ભક્તિના રૂા.૪૦૦૦ તથા બપોરની ભક્તિના રૂા.૭૦૦૦ છે. પ્રભાવના-રહેવા-ભક્તિ વિ. સંપૂર્ણ એક દિવસનો નકરો રૂા.૨૫૦૦૦ છે. ભાવના મુજબ રૂા.૧૦૦,૨૦૦ નો પણ લાભ લઈ શકાય. તુરંત જ દાનપ્રિય શ્રાવકે વિનંતી કરી કે **મને એક દિવસનો સંપૂર્ણ લાભ આપો તો સારું !!!**

ગુરૂદેવે જણાવ્યું કે અમે કહ્યું એટલે તમારે ૨૫૦૦૦ નો સંપૂર્ણ લાભ લેવો પડે તેવું નથી. તમારી શક્તિ મુજબ ૨૦૦-૫૦૦ વિગેરે જે લાભ લેવો હોય તે લઈ શકાય. છતાં શ્રાવકે કહ્યું કે મારી રૂા.૨૫૦૦૦ ની ભાવના છે જ. આપ તેટલો લાભ મને આપો અને ખરેખર તેમણે તે લાભ લીધો !!! અપરિચિત એવા ગુરૂ ભગવંતની પ્રેરણા પણ ઝીલી મોટો લાભ લે તે જીવની યોગ્યતા બતાવે છે.

વેકેશનમાં શિબિર શરૂ થઈ ત્યારે છોકરાઓની સંખ્યા ગણતરી કરતાં ખૂબ વધી જતાં કેટલાક છોકરાઓને પાછા મોકલવાનો વિચાર કર્યો. હિતેશભાઈ ત્યારે આવ્યા હતા. ગુરૂદેવને વિનંતી કરી કે **કોઈને પાછા ન મોકલતા. વધારે ખર્ચ થશે તો હું આપીશ !!!** છેવટે બધા બાળકોને રાખ્યા.

હે જૈનો ! તમે પણ યુવાનોને લાભ કરનારા શિબિર જેવા સત્કાર્યોમાં તન,મન,ધનથી લાભ લેશો. તમારા સંતાનોને આવી શિબિરોમાં મોકલી તેમનું હિત થાય તેવા પ્રયત્ન કરશો ને ? દાન એ

તો પરલોકમાં સુખ આપનારા પુણ્યની વાવણી છે. જેમ બેંકમાં મુકેલા પૈસા ૮-૧૦ વર્ષે બમણા થાય તેમ કરેલા દાનનું પુણ્ય ભાવિમાં અનેક ઘણી સમૃદ્ધિ આપી, સદ્ગતિ આપી, સિધ્ધિગતિ અપાવનાર છે. એટલે જ તો કહેવાય છે કે **"આ વાવણીની વેળા છે, વાવી લ્યો ભાઈ વાવી લ્યો."**

## ૪૫. નવકાર હૃદયમાં, પરમપદ સહજમાં

એક ધર્મિષ્ઠ શ્રાવિકાના પતિ ધર્મમાં સાવ નાસ્તિક. શરીર ખૂબ ભારે, આ ભાઈને માત્ર નવકાર આવડે. એક વાર બહારગામ જવા રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જોઈને ફરતા હતા. અચાનક પગ લપસ્યો અને પ્લેટફોર્મની નીચે પાટા પર ફેંકાયા. અચાનક જ ટ્રેન આવી ગઈ. ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે ફસાયેલા કદાવર કાયાના આ ભાઈની છેલ્લી ઘડીઓ ગણાવા માંડી. શ્રાવિકાએ બૂમ મારી, "હવે તો નવકાર જ બચાવશે, નવકાર ગણવા માંડો". ભાઈએ આપત્તિમાં નવકાર ગણવા માંડ્યા અને આશ્ચર્ય !!

ટ્રેન આખી પસાર થઈ ગઈ અને ભાઈ એમના એમ ત્યાં જ બચી ગયા. સહેજે ઈજા ન થઈ. ભાઈની શ્રધ્ધા ખૂબ વધી ગઈ. આજે એ શ્રાવકે ઘર દહેરાસર કરાવ્યું છે અને રોજ ઉત્તમ ધર્મની વધુ ને વધુ આરાધના ઉત્તમ રીતે ભાવથી કરી રહ્યા છે.

**ભાગ-૮ સંપૂર્ણ**